# JCCI BULLETIN

2nd Edition 2026-27
June - July 2026








## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી


(ફોર્મરલી નોન એઝ ધી નવાનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી)
ધીરૂભાઇ અંબાણી વાણિજ્ય ભવન
સુભાષ બ્રીજ પાસે, જામનગર - રાજકોટ હાઈવે, જામનગર-૩૬૧૦૦૧ (ગુજરાત) ઈન્ડિયા.
ફોન : ૦૨૮૮-૨૫૭૦૨૨૧ ૯૪૨૮૭ ૨૭૬૨૩, ૭૦૧૬૩ ૬૮૭૮૧
email : info@jamnagarchamber.org web. : www.jamnagarchamber.org



RAA15693/180825/310328
https://gujrera.gujarat.gov.in
એકલા ન આવતા
INTERIOR ને લઈને જ આવજો
THE PARK SIDE
READY
POSSESSION
THE
PARKSIDE
4 BHK LUXURIOUS FLATS
Developers
BATHANI
BUILDERS
Walkeshwari Nagari, Jamnagar
92270 02495 I 99255 02222
KALAVID

ESTD. : 22-5-1933

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
## ધીરૂભાઈ અંબાણી વાણિજ્ય ભવન
સુભાષ બ્રીજ પાસે, જામનગર-રાજકોટ હાઈવે, જામનગર-૩૬૧૦૦૧ (ગુજરાત) ઈન્ડિયા.

**ચેમ્બરના હોદ્દેદારશ્રીઓ**
**સને ૨૦૨૫-૨૭**

પ્રમુખ
**રમણીક પી. અકબરી**
મો. : ૯૮૯૮૦ ૯૭૧૫૩

ઉપપ્રમુખ
**અજેશ વી. પટેલ**
મો. : ૯૮૨૫૨ ૧૧૮૪૦

માનદ્ મંત્રી
**કૃણાલ વી. શેઠ**
મો. : ૯૮૨૫૦ ૫૦૮૦૯

માનદ્ સહમંત્રી
**CA. ભાવિક એચ. ધોળકીયા**
મો. : ૯૮૨૫૯ ૬૧૯૬૨

માનદ્ ખજાનચી
**તુષાર રામાણી**
મો. : ૯૯૯૮૪ 30303

માનદ્ ઓડીટર
**મીતેષ એ. લાલ**
મો. : ૯૪૨૭૨ 33333

માનદ્ સંપાદક
**કેયુર સી. ખટ્ટર**
મો. : ૭૮૭૮૭ ૮૭૮૧૯

**"જ્યાં ઈચ્છા ત્યાં માર્ગ"**

તંત્રી સ્થાનેથી...

પ્રિય સભ્યો મિત્રો,

ચેમ્બર બુલેટીનની વર્ષ ૨૦૨૬-૨૭ ની દ્વિતિય આવૃતિ આપ સમક્ષ રજૂ કરતાં મને અત્યંત આનંદ થાય છે. ઉદ્યોગ, વેપાર અને અર્થતંત્રના ક્ષેત્રમાં પરિવર્તનોની ગતિ સતત વધી રહી છે અને આવા સમયમાં માહિતી, સંવાદ તથા સાવચેત આયોજનનું મહત્વ વધુ વધી જાય છે.

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા નવી ઔદ્યોગિક નીતિની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના ઉદ્યોગજગતમાં આ જાહેરાતે નવી આશાઓ અને અપેક્ષાઓ જન્માવી છે. ઉત્પાદન, નિકાસ, રોજગાર સર્જન, ટેકનોલોજી અપગ્રેડેશન અને MSME ક્ષેત્રને વધુ પ્રોત્સાહન મળે તેવી આશા છે. જોકે, આ નીતિના સત્તાવાર દસ્તાવેજો અને અમલીકરણની વિગતવાર માર્ગદર્શિકા હજુ સુધી ઉપલબ્ધ નથી. તેથી ઉદ્યોગકારોએ ઉતાવળમાં નિર્ણયો લેવાને બદલે સંપૂર્ણ સૂચનાઓ અને સ્પષ્ટતા પ્રાપ્ત થયા બાદ જ લાંબા ગાળાના રોકાણ અને વિસ્તરણ સંબંધિત યોજનાઓને અંતિમ સ્વરૂપ આપવું જોઈએ. ચેમ્બર પણ આ અંગે સતત નજર રાખી રહી છે અને યોગ્ય સમયે સભ્યોને જરૂરી માર્ગદર્શન આપશે.

બીજી તરફ, મધ્ય પૂર્વમાં ફરીથી વધેલા યુદ્ધ અને ભૂરાજકીય તણાવની અસર સમગ્ર વિશ્વના વેપાર અને સપ્લાય ચેઇન પર પડી શકે છે. ક્રૂડ ઓઈલના ભાવમાં અસ્થિરતા, શિપિંગ ખર્ચમાં વધારો, ટ્રાન્સપોર્ટેશનમાં વિલંબ અને વૈશ્વિક માંગમાં અનિશ્ચિતતા જેવી પરિસ્થિતિઓ નિકાસકારો તથા આયાતકારો બંને માટે પડકારરૂપ બની શકે છે. આવી સ્થિતિમાં ઉદ્યોગોએ જોખમ વ્યવસ્થાપન, વૈકલ્પિક બજારોની શોધ, કાચામાલના વ્યવસ્થિત આયોજન અને નાણાકીય શિસ્ત પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. સાવચેતી અને તૈયારી જ આ અનિશ્ચિત સમયગાળામાં સફળતાની ચાવી બની શકે છે.

આ દરમિયાન આપણા વિસ્તારમાં એક મહત્ત્વપૂર્ણ અને આવકારદાયક વિકાસ તરીકે ઈલેક્ટ્રિક લોકલ બસ સેવાનો પ્રારંભ થયો છે. પર્યાવરણમૈત્રી અને આધુનિક જાહેર પરિવહન વ્યવસ્થા તરફનું આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ સેવાથી નાગરિકોને વધુ સુવિધા મળશે

તેમજ પ્રદુષણ ઘટાડવાના પ્રયત્નોને પણ વેગ મળશે. જોકે, હાલમાં વિવિધ ઔદ્યોગિક વિસ્તારો, રહેણાંક વિસ્તારો અને મુખ્ય માર્ગો પર પૂરતા બસ સ્ટોપની જરૂરીયાત અનુભવાઈ રહી છે. જો યોગ્ય સ્થળોએ સુવ્યવસ્થિત બસ સ્ટોપ અને મુસાફરો માટેની મૂળભૂત સુવિધાઓ વિકસાવવામાં આવે, તો આ સેવા વધુ અસરકારક અને લોકપ્રિય બની શકે. ચેમ્બર સંબંધિત સત્તાધીશો સમક્ષ આ મુદ્દે યોગ્ય રજૂઆત કરવા પ્રતિબદ્ધ છે.

આપણા પ્રદેશમાં ઉદ્યોગકારોએ હંમેશા પડકારોને તકમાં પરિવર્તિત કરવાની ક્ષમતા દર્શાવી છે. બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓ વચ્ચે સ્પર્ધાત્મકતા, ગુણવત્તા, નવીનતા અને ટકાઉ વિકાસને પ્રાથમિકતા આપીને આપણે વધુ મજબૂત બની શકીએ છીએ. ચેમ્બરનું ધ્યેય પણ સભ્યોને માહિતી, પ્રતિનિધિત્વ અને સહયોગ દ્વારા સશક્ત બનાવવાનું છે.

આ બુલેટિનમાં સમાવિષ્ટ લેખો, વિશ્લેષણો અને માહિતી આપના વ્યવસાયિક નિર્ણયોમાં ઉપયોગી સાબિત થશે તેવી આશા છે. આપના સૂચનો અને સહકાર અમને સતત પ્રેરણા આપતા રહ્યા છે અને ભવિષ્યમાં પણ આપનો સાથ યથાવત્ રહેશે એવી અપેક્ષા છે.

સૌના વ્યવસાયમાં સતત પ્રગતિ, સમૃદ્ધિ અને સફળતાની શુભેચ્છાઓ સાથે.

**''સાવચેતી એ જ સુરક્ષા, અને દઢતા એ જ સફળતાનો આધાર''**

**કેયૂર સી. ખટ્ટર**
માનદ્ સંપાદકશ્રી

## જામનગર ચેમ્બર દ્વારા થયેલ કાર્યવાહીની નોંધ

૨૬-૦૫-૨૦૨૬ જામનગર મહાનગર પાલિકા, જામનગરના નવા વરાયેલા પદાધિકારી શ્રી મોનિકાબેન વ્યાસ, માન. મેયર, શ્રી રાકેશભાઇ ડેર, માન. ડેપ્યુટી મેયર, શ્રી ધીરેનભાઇ મોનાણી, માન. ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટી, શ્રી પ્રવિણાબેન રૂપડિયા, માન. દંડક, શ્રી અમરભાઇ મોદી, માન. શાસક પક્ષના નેતા સર્વે ને અભિનંદન તથા શુભેચ્છાઓ આપતો પત્ર.

૦૨-૦૬-૨૦૨૬ ધી રીજીઓનલ ડાયરેક્ટર, ESIC, અમદાવાદને જામનગરના GIDC ફેઝ-૨ અને ફેઝ-૩ ઔદ્યોગિક વિસ્તાર ખાતે ESI તબીબી સુવિધાઓ/દવાખાનાની ઉપલબ્ધતા ન હોવા અંગે તાત્કાલિક રજૂઆત.

૦૩-૦૬-૨૦૨૬ શ્રી અમરેશ રંજનજી, રીજીઓનલ ડાયરેક્ટર, RBI, અમદાવાદને જામનગરમાં નાના મૂલ્યની નોટો અને સિક્કાઓની સપ્લાય માટે પત્ર દ્વારા રજૂઆત.

૦૩-૦૬-૨૦૨૬ શ્રી મોરિ સાહેબ, એસ.ટી. ડેપો મેનેજર, જામનગરને જામનગર શહેરમાં પ્રવેશતી એસ.ટી. બસોના સ્ટોપ બાબત પત્ર દ્વારા રજૂઆત.

૦૪-૦૬-૨૦૨૬ શ્રી કુંવરજીભાઇ બાવળીયા, માન. મંત્રીશ્રી, શ્રમ, કૌશલ્ય વિભાગ અને રોજગાર વિભાગ, ગુજરાત, ગાંધીનગર, શ્રીમતી રિવાબા આર. જાડેજા, માન. મંત્રીશ્રી, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ખાતું, ગુજરાત, ગાંધીનગરને, શ્રી દિવ્યેશભાઇ અકબરી, માન. ધારાસભ્યશ્રી, જામનગર શહેર-૭૯, જામનગર, શ્રી રાવજીભાઇ પટેલ, માન. ધારાસભ્યશ્રી, જામનગર શહેર-૭૭, જામનગર ગ્રામ્ય, જામનગરને જામનગરના GIDC ફેઝ-૨ અને ફેઝ-૩ ઔદ્યોગિક વિસ્તારમાં ESI તબીબી સુવિધાઓ/ડિસ્પેન્સરીની ઉપલબ્ધતા કરાવવા બાબત પત્ર દ્વારા રજૂઆત.

૦૫-૦૬-૨૦૨૬ શ્રી હર્ષભાઇ સંઘવી, માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત સરકાર, ગાંધીનગરને જામનગર પધારવા અને વેપાર ઉદ્યોગ જગતના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપતો પત્ર.

૨૪-૦૬-૨૦૨૬ શ્રી અશ્વિની વૈષ્ણવજી માનનીય રેલ્વે મંત્રી ભારત સરકારને તથા શ્રી પૂનમબેન માડમ માનનીય સંસદ સભ્ય, જામનગર અને દેવભૂમિ દ્વારકા, સેક્રેટરી શ્રી રેલ્વે બોર્ડ નવી દિલ્હી, જીએમ શ્રી WR મુંબઇ, DRM શ્રી રાજકોટ WR, ઓખા-અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસ (ટ્રેનનં. ૨૨૯૨૫/૨૬) ના મૂળ સમયપત્રક અને ટર્મિનલ સ્ટેશન ને પુનઃસ્થાપિત કરવા માટેની રજૂઆત.

૦૧-૦૭-૨૦૨૬ ધી રજિસ્ટ્રાર, ગૂડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ એપીલેટ ટ્રીબ્યૂનલ(જીએસટીએટી) GSTAT રાજકોટ બેન્ચનું કામકાજ શરૂ થવા બદલ આભાર અને પ્રશંસા કરતો પત્ર.

૦૧-૦૭-૨૦૨૬ શ્રી પી. બી. પંડ્યા, આઇએએસ, કલેક્ટર, જામનગરને હાપા ઉદ્યોગનગરના મેઇન રોડ માં ડિવાઇડર હટાવવા બાબત પત્ર દ્વારા રજૂઆત.

૦૩-૦૭-૨૦૨૬ ડૉ. મનસુખભાઇ માંડવિયા, યુનિયન મિનિસ્ટર, લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ, ભારત સરકાર, ન્યુ દિલ્લીને તથા શ્રી પૂનમબેન માડમ, માનનીય સંસદ સભ્ય, જામનગર અને દેવભૂમિ દ્વારકા ને શ્રી અશોક કુમાર સિંઘ, આઇએએસ, ડાયરેક્ટર જનરલ, એમ્પ્લોયીસ સ્ટેટ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન, ન્યુ દિલ્લીને, શ્રી હેમંત કુમાર પાંડે, રિજીયોનલ ડાયરેક્ટર, એમ્પ્લોયીસ સ્ટેટ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન, અમદાવાદ ને રાજકોટ ખાતે ESIC સબ-રિજનલ ઓફિસ શરૂ કરવાની મંજૂરી મળેલ છે તે બદલ આભાર પત્ર.

૦૬-૦૭-૨૦૨૬ ડૉ. રવિ મોહન સૈની, આઇએએસ, પોલિસ અધિક્ષક, જામનગર જિલ્લો, જામનગર ને શહેરના શંકર ટેકરી ઉદ્યોગનગર વિસ્તારમાં કારખાનાઓ માં થયેલ પીતળ ભંગાર ચોરીની તપાસમાં થયેલ ગેરરિતી અંગે રૂબરૂ રજૂઆત માટે મુલાકાતનો સમય ફાળવવા બાબત પત્ર દ્વારા રજૂઆત.

૦૮-૦૭-૨૦૨૬ શ્રી ગીતાબેન જોષી, એડી. સેક્રેટરી જનરલ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમદાવાદને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિમાં નોમિનેટ કરવા બાબત પત્ર.

૧૪-૦૭-૨૦૨૬ ધી ચેરમેન, SEBI, મુંબઇને રોકાણકારની સેવા વિનંતીઓને પરિણામે ભૌતિક સિક્યોરિટીઝના ડિમટીરિય-લાઇઝેશન માટેની સુધારેલી પ્રક્રિયા અંગેનું નિવેદન - SEBI પરિપત્ર ક્રમાંક HO/38/13/(3) 2026 MIRSD-POD/I/3763/2026, તારીખ ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ (૨ એપ્રિલ ૨૦૨૬થી અમલી) પત્ર દ્વારા રજૂઆત.

૧૭-૦૭-૨૦૨૬ ધી ગવર્નર, RBI, મુંબઇ ને બેંક સુવિધાઓ માટે બાહ્ય ક્રેડિટ રેટિંગ (બેંક લોન રેટિંગ) મેળવવાની બાબતને ધિરાણ લેનારની પસંદગી પર આધારિત (વૈકલ્પિક) બનાવવાની રજૂઆત - જેમાં ધિરાણ લેનાર બાહ્ય રેટિંગને બદલે ધિરાણ આપતી બેંકના આંતરિક ક્રેડિટ રેટિંગના આધારે આગળ વધવા માટે સ્વતંત્ર હોય અને આવી પસંદગી બેંક માટે અંતિમ તથા બંધનકર્તા હોય તે બાબતે પત્ર દ્વારા રજૂઆત.

૨૧-૦૭-૨૦૨૬ ધી રજિસ્ટ્રાર, ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્ષ એપીલેટ ટ્રીબ્યુનલ (જીએસટીએટી) GSTAT રાજકોટને ગૂડ્ઝ એન્ડ

સર્વિસીસ ટેક્ષ એપીલેટ ટ્રીબ્યુનલ (જીએસટીએટી) બેન્ચ ૫ ઓગષ્ટ, ૨૦૨૬ થી શરૂ થાય છે તે બદલ આભાર વ્યક્ત કરતો પત્ર.

૨૨-૦૭-૨૦૨૬ શ્રી નિર્મલાબેન સિતારામનજી, નાણાં મંત્રી, ભારત સરકાર, ન્યુ દિલ્લી ને કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ માં જાહેર કરાયેલ માંગ પર ૧૦% 'સ્ટે' (સ્થગિતતા) અંગેની રાહતને અમલમાં મૂકવા પત્ર દ્વારા રજૂઆત.

૨૪-૦૭-૨૦૨૬ શ્રી સંદીપ એન્જીનિયર, પ્રમુખ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમદાવાદ ને જામનગરના વ્યાપાર-ઉદ્યોગને લગતા વિવિધ પ્રશ્નો મુખ્ય મંત્રી સમક્ષ રજૂ કરવા બાબત પત્ર.

૨૮-૦૭-૨૦૨૬ માન. વહીવટી સંચાલક અને ઉપાધ્યક્ષ, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર ને જામનગર GIDC ઔદ્યોગિક વસાહત-૨ અને વસાહત-૩ માં ઈમ્પેક્ટ સ્કીમ લાગુ કરવા બાબત પત્ર દ્વારા રજૂઆત.

૨૮-૦૭-૨૦૨૬ માન. વહીવટી સંચાલક અને ઉપાધ્યક્ષ, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગાંધીનગર ને GIDC ઔદ્યોગિક વસાહતોના પ્લોટ ધારકો/ઉદ્યોગ સાહસિકોના બાકી લેણાં અને પેનલ્ટી ના નિકાલ માટે 'વન-ટાઇમ સેટલમેન્ટ' (OTS) યોજના શરૂ કરવા બાબત પત્ર દ્વારા રજૂઆત.

૨૮-૦૭-૨૦૨૬ શ્રી કુંવરજીભાઇ બાવળીયા, માન. મંત્રીશ્રી, શ્રમ, લેબર એન્ડ એમ્પલોયમેન્ટ વિભાગ, ગુજરાત, ગાંધીનગર ને નવેસરથી ઘડાયેલા અને અમલમાં મૂકાયેલા શ્રમ સંહિતાઓ અને તેના ગુજરાતના નિયમો બાબત પત્ર દ્વારા રજૂઆત.

---

**:: મિટિંગ ::**

૦૩-૦૬-૨૦૨૬ આજરોજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ નેશનલ પ્રોડક્ટીવીટી કાઉન્સીલ ના સંયુક્ત ઉપક્રમે MSME અંતર્ગત ભારત સરકારની RAMP સ્કીમ તથ ડિવાઇસ બાબત માર્ગદર્શક સેમિનાર યોજાયેલ હતો.

૦૫-૦૬-૨૦૨૬ આજરોજ જીઆઇડીસી ફેસ-૨ ખાતે જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, જીઆઇડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશન, જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસીએશન, લઘુ ઉદ્યોગ ભારતી તથા સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી ના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં ચેમ્બર પ્રમુખશ્રી રમણીકભાઇ પી. અકબરી, માન. મંત્રીશ્રી કૃણાલભાઇ વી. શેઠ અને પર્યાવરણ અને વોટર કંઝર્વેશન પેનલના ચેરમેનશ્રી નિતેશભાઇ સી. કોટેચા એ હાજરી આપેલ હતી.

૦૬-૦૬-૨૦૨૬ આજરોજ સંસ્થાની કેપિટલ માર્કેટ, ફાઇનાન્સ અને બેન્કિંગ પેનલની પ્રથમ બેઠક (૨૦૨૬-૨૭) સાંજના ૫.૩૦ કલાકે યોજાયેલ હતી.

૦૯-૦૬-૨૦૨૬ કારોબારી સમિતિના સર્વે સભ્યશ્રીઓ તથા પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી, ચેમ્બર સંલગ્ન સર્વે એસોશિએશનને તારીખ ૦૯-૦૬-૨૦૨૬ ના સાંજે ૬.૦૦ કલાકે વિકસિત ભારત સંકલ્પના આયોજન બાબત સરક્યુલર.

૧૫-૦૬-૨૦૨૬ આપણી ચેમ્બર દ્વારા વિકસીત ભારત સંકલ્પ સંમેલન કાર્યક્રમ જામનગરના પ્રભારી અર્જુનભાઇ મોઢવાડિયા ના અધ્યક્ષ સ્થાને ધનવંતરી ઓડીટોરીયમ હોલમાં યોજવામાં આવેલ જેમાં શ્રીમતિ રિવાબા જાડેજા, માન. મંત્રીશ્રી પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ગુજરાત રાજ્ય, શ્રીમતિ મોનિકાબેન વ્યાસ, માન. મેયરશ્રી, શ્રીમતિ રંજનબેન ડી. જીવાણી, માન. પ્રમુખશ્રી જીલ્લા પંચાયત, જામનગર, શ્રી દિવ્યેશભાઇ અકબરી, માન. ધારાસભ્યશ્રી જામનગર દક્ષિણ, શ્રી રાઘવજીભાઇ પટેલ, માન. ધારાસભ્યશ્રી જામનગર ગ્રામ્ય, શ્રી મેઘજીભાઇ ચાવડા માન. ધારાસભ્યશ્રી કાલાવડ, શ્રી રાકેશભાઇ ડેર, ડેપ્યુટી મેયર, શ્રી ધીરેનભાઇ મોનાણી, ચેરમેન સ્ટેન્ડિંગ કમિટી, શ્રી અમરભાઇ મોદી, શાસક પક્ષના નેતા તથા પ્રવિબણાબેન રૂપડિયા, દંડકશ્રી તથા જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન શ્રી સુનિલભાઇ રાઠોડ, ચેમ્બરના કારોબારી સભ્યો તથા એસોસીએશન ના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

૨૯-૦૬-૨૦૨૬ આજરોજ સંસ્થાની કારોબારી સમિતિની ૨૦૨૬-૨૭ ના વર્ષની ત્રીજી (૩) બેઠક સાંજના ૬.૦૦ કલાકે યોજાયેલ હતી.

૦૧-૦૭-૨૦૨૬ જામનગર ચેમ્બરના પ્રતિનિધિ મંડળ પ્રમુખ શ્રી રમણીકભાઇ અકબરી ના નેતૃત્વમાં ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્ષ એપેલેટ ટ્રીબ્યુનલ (જીએસટીએટી) GSTAT રાજકોટ બેન્ચની મુલાકાત લીધેલ હતી. આ પ્રતિનિધિ મંડળમાં CA ભાવિક ધોળકિયા-જોઇન્ટ સેક્રેટરી, એડવોકેટ પંકજભાઇ વાઘર, ચેરમેન, SGST પેનલ, CA ભરતભાઇ ઓઝા, ચેરમેન, CGST પેનલ, CA કપિલ સંઘવી, ચેરમેન, ડાયરેક્ટ ટેક્ષ અને કોર્પોરેટ લોઝ પેનલ, એડવોકેટ અક્ષત વ્યાસ, એક્ઝીક્યુટીવ બોડી મેમ્બર, એડવોકેટ જયેશ પટેલ, એક્ઝીક્યુટીવ બોડી મેમ્બર તથા એડવોકેટ અલ્પેશ ઉપાધ્યાય, આમંત્રિત એક્ઝીક્યુટીવ બોડી મેમ્બર જોડાયેલ હતા.

૧૨-૦૭-૨૦૨૬ જામનગરની મુલાકાતે પધારેલા માન. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રમુખ શ્રી રમણીકભાઇ અકબરી, ઉપપ્રમુખ શ્રી અજેશભાઇ વી. પટેલ, માનદ મંત્રી શ્રી કૃણાલભાઇ વી. શેઠ, માનદ ખજાનચી શ્રી તુષારભાઇ વી. રામાણી, માનદ

સંપાદક શ્રી કેયૂરભાઇ ખટ્ટર તથા સંસ્થા ના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી બિપેન્દ્રસિંહ સી. જાડેજા દ્વારા શુભેચ્છા મુલાકાત લીધી હતી.

---

**:: પ્રેસ નોટ ::**

૦૧-૦૬-૨૦૨૬ જામનગર ચેમ્બર તથા નેશનલ પ્રોડક્ટીવીટી કાઉન્સીલ ના સંયુક્ત ઉપક્રમે યોજનાર ઇન્ડસ્ટ્રી ૪.૦ રોડ શો ના કાર્યક્રમનો લાભ લેવા અનુરોધ..... પ્રેસનોટ નં. ૦૧

૦૨-૦૬-૨૦૨૬ જામનગર મહાનગરપાલિકાના નવનિયુક્ત કમિશ્નરશ્રી દિપેશ કેડિયાનો સન્માન કાર્યક્રમ તારીખ : ૨૭-૦૫-૨૦૨૬ ના યોજાયેલ તે બાબત પ્રેસનોટ નં. ૦૨

૦૨-૦૬-૨૦૨૬ જામનગર ચેમ્બર તથા ઇન્કમ ટેક્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે પ્રારંભ ૨૦૨૬ અંતર્ગત નવા ઇન્કમ ટેક્સ એક્ટ ૨૦૨૫ અંગે યોજાયેલ આઉટરિચ કાર્યક્રમ બાબત પ્રેસનોટ નં. ૦૩

૦૫-૦૬-૨૦૨૬ જામનગર ચેમ્બર તથા નેશનલ પ્રોડક્ટીવીટી કાઉન્સીલના સંયુક્ત ઉપક્રમે RAMP પ્રોજેક્ટ હેઠળ MSME માટે ઇન્ડસ્ટ્રી ૪.૦ અંગે યોજાયેલ માર્ગદર્શક સેમિનાર બાબત પ્રેસનોટ નં. ૦૪

૧૭-૦૬-૨૦૨૬ જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા યોજવામાં આવેલ વિકસીત ભારત સંકલ્પ સંમેલન બાબત પ્રેસનોટ નં. ૦૫

૦૧-૦૭-૨૦૨૬ ESIC ની સબ-રીજીયોનલ ઓફિસિસ (SROs) રાજકોટ ખાતે શરૂ કરવા માટે કરેલ રજૂઆત ને મળેલ સફળતા બાદ માન. કેન્દ્રિય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખભાઇ માંડવિયાજી તથા હાલારના સાંસદ શ્રી પૂનમબેન માડમ નો આભાર વ્યક્ત બાબત પ્રેસનોટ નં. ૦૬

૦૩-૦૭-૨૦૨૬ જામનગર ચેમ્બર પ્રતિનિધિ મંડળે ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્ષ એપીલેટ ટ્રીબ્યુનલ (જીએસટીએટી) GSTAT રાજકોટ બેન્ચની લીધેલ મુલાકાત જામનગર તથા સૌરાષ્ટ્ર-કચ્છના કરદાતાઓના હિતમાં મહત્વપૂર્ણ ચર્ચા બાબત પ્રેસનોટ નં. ૦૭

૧૪-૦૭-૨૦૨૬ જામનગરની મુલાકાતે પધારેલા માન. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી શુભેચ્છા મુલાકાત લેતા જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના હોદ્દેદારો બાબત પ્રેસનોટ નં. ૦૮

૨૧-૦૭-૨૦૨૬ જામનગર ચેમ્બરની રજૂઆત તથા હાલાર ના માન. સાંસદ શ્રી પૂનમબેન માડમના પ્રયાસોથી ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્ષ એપીલેટ ટ્રીબ્યુનલ (જીએસટીએટી) GSTAT રાજકોટ બેન્ચનો ૫ ઓગષ્ટ, ૨૦૨૬ થી શુભારંભ બાબત પ્રેસનોટ નં. ૦૯

## નવાંગુતકોને આવકાર અને અભિનંદન
## ચેમ્બર પરિવારમાં નવા દાખલ થયેલ સભ્યશ્રીઓને આવકારીએ છીએ.

| ક્રમ | સભ્ય પેઢીનું નામ | અધિકૃત પ્રતિનિધિશ્રીઓના નામ તથા હોદ્દો | વિભાગ નંબર |
|---|---|---|---|
| ૧. | ઓમેસ્વી પ્રા. લી. | અનંત પ્રવિણભાઇ ચાંગાણી , ડાયરેક્ટર<br>કપિલ જમનભાઇ અમરેલીયા, ડાયરેક્ટર | ૦૬ |
| ૨. | ચેતન ઇન્ડસ્ટ્રીઝ | બાબુલાલ નાથાલાલ ઝાલા, માલિક | ૦૭ |
| ૩. | નિરવ અરૂણકુમાર વલેરા | નિરવ અરૂણકુમાર વલેરા, પ્રોપરાઇટર | ૧૧ |
| ૪. | રાજેન્દ્રભાઇ પી. મિયાત્રા | રાજેન્દ્રભાઇ પી. મિયાત્રા, પ્રોપરાઇટર | ૧૧ |
| ૫. | શ્રી દ્વારકાધીશ એન્ટરપ્રાઇઝ | જગદીશચંદ્ર દામજીભાઇ નકુમ | ૧૬ |
| ૬. | આનંદ મેટલ્સ | વિરલ નિલેષભાઇ વિરડીયા, માલિક | ૦૪ |
| ૭. | ગોપીનાથ મેટલ્સ<br>પ્રો. જયેશભાઇ કાનજીભાઇ ડાંગરીયા | જયેશભાઇ કાનજીભાઇ ડાંગરીયા, પ્રોપરાઇટર | ૦૪ |

# ઈનપુટ ટેક્સ ક્રેડિટ : ક્યારે અને કેવી રીતે લઈ શકાય
## અવારનવાર પૂછાતા પ્રશ્નો અને તેના સચોટ જવાબ

જી.એસ.ટી. હેઠળ વેપારીઓ, સેવા પ્રદાતાઓ ઉપર અનેક જવાબદારીઓ લાદવામાં આવી છે. ખાસ કરીને નોંધાયેલા જી.એસ.ટી. કરદાતાઓએ જી.એસ.ટી. કાયદાની જોગવાઇ સમજવી ખૂબ જરૂરી છે. જી.એસ.ટી. કાયદા, નિયમો અને ખાસ કરીને નોટીફીકેશનની જાટિલતા જોતા વેપારીઓ પોતાની સંપૂર્ણ જવાબદારી સમજે એ આશા રાખવી હું વધુ પડતી ગણું છું. આ સમયે વેપારી માટે સૌથી મહત્વની કડી એકાઉન્ટન્ટ બની જાય છે. પણ જી.એસ.ટી. ની જોગવાઇઓ ભલભલા ટેક્સ પ્રોફેશનલ માટે પણ સમજવી મુશ્કેલ હોય ત્યારે એકાઉન્ટન્ટ પાસે આ જી.એસ.ટી. કાયદા, નિયમો વગેરે વાંચી સમજે તે આશા રાખવી પણ વધુ પડતી ગણી શકાય.




ટેક્સ પ્રોફેશનલ જેવા કે એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ માટે પોતાના અસીલની નાની-નાની બાબતોનો ખ્યાલ રાખવો પણ મુશ્કેલ છે. આ લેખમાં વેપારીઓના પ્રશ્નો તેમને અને એકાઉન્ટન્ટને સમજાય તેવી ભાષામાં આપવા પ્રયત્ન કરેલો છે. લેખમાં ઇનપુટ ટેક્સ ક્રેડિટ અંગે સામાન્ય ભાષામાં સમજ આપવા પ્રયાસ કરવામાં આવેલો છે. કરદાતાને ITC લેવાનો સામાન્ય સંજોગોમાં હક્ક છે અને આ જ જી.એસ.ટી. લાગુ કરવાનો સૌથી મોટો ઉદ્દેશ પણ હતો. પણ આ તકે એ સમજવું જરૂરી છે કે યોગ્ય રીતે આઇટીસીનો લાભ લેવાથી નાણાકીય ફાયદો થાય છે પણ નિયમોથી વિરૂદ્ધ ખોટી રીતે આઇટીસી લેવાથી વ્યાજ, દંડ અને કાયદેસર મુશ્કેલીઓ ઊભી થઇ શકે છે.

**ઈનપુટ ટેક્સ ક્રેડિટ શું છે ?**

જવાબઃ ઈનપુટ ટેક્સ ક્રેડિટ એટલે વે પારી જ્યારે માલ અથવા સેવા ખરીદે છે ત્યારે તે જીએસટી ચૂકવે છે. આ ચૂકવેલ જીએસટીને તે પોતાની આઉટપુટ ટેક્સ સામે એડજસ્ટ કરી શકે છે. આ એડજસ્ટમેન્ટને ઇનપુટ ટેક્સ ક્રેડિટ કહે છે.

**ઉદાહરણ :** જો તમે ૧,૦૦,૦૦૦ ના માલ ખરીદો અને ૧૮,૦૦૦ જીએસટી ચૂકવો અને પછી તે માલ ૧,૫૦,૦૦૦ માં વેચો અને ૨૭,૦૦૦ જીએસટી વસુલો તો તમારે સરકારને માત્ર ૯,૦૦૦ જ ચૂકવવાનો રહેશે.

**૨. આઇટીસી લેવા માટે કોણ પાત્ર છે ?**

જવાબઃ નીચે મુજબના વ્યક્તિઓ આઇટીસી લેવા માટે પાત્ર છે, જીએસટી હેઠળ નોંધાયેલ વ્યક્તિ, જે વ્યક્તિ ટેક્સેબલ સપ્લાય કરે છે, નિયમિત ટેક્સપેયર (કમ્પોઝીશન સિવાયના) જે વ્યક્તિઓએ માલ અથવા સેવા વ્યવસાય માટે ખરીદી છે, ખાસ નોંધઃ Composition Scheme હેઠળના વ્યક્તિઓ આઇટીસી લઇ શકતા નથી.

**૩. આઇટીસી લેવા માટે કઇ શરતો પૂર્ણ કરવી જરૂરી છે ?**

જવાબઃ જીએસટી કાયદા મુજબ આઇટીસી લેવા માટે નીચેની શરતો જરૂરી છે - ટેક્સ ઇન્વોઇસ માલ વાહનના પુરાવાઓ જેવા કે LR (લોરી સિસીપ્ટ) હોવી જોઇએ. માલ અથવા સેવા પ્રાપ્ત થયેલ હોવી જોઇએ, સપ્લાયર દ્વારા ટેક્સ સરકારમાં ભરાયેલક હોવો જોઇએ, ખરીદનારે રિટર્ન ફાઇલ કરેલ હોવું જોઇએ, ૧૮૦ દિવસમાં સપ્લાયરને ચુકવણી કરવી જરૂરી છે.

**૪. આઇટીસી ક્યારે લઈ શકાય ?**

જવાબ : આઇટીસી સામાન્ય રીતે તે મહિને લઇ શકાય છે જેમાં માલ અથવા સેવા પ્રાપ્ત થાય. આઇટીસી લેવાની સમયમર્યાદા

પછીના વર્ષના ૩૦ નવેમ્બર સુધી ભરવામાં આવેલ રિટર્ન દ્વારા લઇ શકાય છે. જો કે કરદાતા પોતાનું વાર્ષિક રિટર્ન ભરી આપે ત્યાં સુધીમાં તો તેઓએ ઇનપુટ લઇ લેવાની રહે છે. આમ, વાર્ષિક રિટર્ન ભરવામાં આવે તે તારીખ અથવા ૩૦ નવેમ્બર બેમાંથી જે વહેલું થાય ત્યાં સુધીમાં ઇનપુટ ટેક્સ ક્રેડિટ લઇ લેવાની રહે છે.

**૫. જી.એસ.ટી. કાયદા હેઠળ બ્લોક્ડ ક્રેડિટ શું છે ?**

જવાબઃ જીએસટી કાયદા મુજબ કેટલીક વસ્તુઓ અને સેવાઓ પર આઇટીસી લેવા પર પ્રતિબંધ છે. તેને બ્લોક્ડ ક્રેડિટ કહેવામાં આવે છે.

**૬. બ્લોક્ડ આઇટીસી કઇ બાબતોમાં લાગુ પડે છે ?**

જવાબઃ નીચેની માલ અથવા સેવાઓમાં આઇટીસી મળતી નથી. મોટર વાહનો, ખાવા પીવાના ખર્ચ (રેસ્ટોરંટની સેવાઓ), ક્લબ અને સભ્યતા ફી, ઇન્શ્યોરન્સ અને ટ્રાવેલ બેનિફિટ, વર્કસ કોન્ટ્રાક્ટ, પર્સનલ ઉપયોગ માટેની વસ્તુઓ જેવી કે બ્યુટી પાર્લર ખર્ચ, કોમ્પોઝિશન ડીલર પાસેથી ખરીદી.

**૭. જો બ્લોક્ડ આઇટીસી લઇ લેવાય તો શું પરિણામ આવે ?**

જવાબઃ જો ખોટી રીતે આઇટીસી લેવાય તો અગાઉ લીધેલ આઇટીસી પાછી ચૂકવવી પડે (રિવર્સ કરવી પડે), વ્યાજ ભરવું પડે, દંડ લાગી શકે, જીએસટી વિભાગ દ્વારા તપાસ થઇ શકે.

**૮. આઇટીસી રિવર્સલ શું છે ?**

જવાબઃ જો આઇટીસી ખોટી રીતે લેવાય અથવા શરતોનું પાલન ન થાય તો તે આઇટીસી પછી સરકારને જમા કરવી પડે છે જેને આઇટીસી રિવર્સલ કહે છે.

**૯. આઇટીસી અને જીએસટી 2B નો સંબંધ શું છે ?**

જવાબઃ જીએસટી 2B એ એક સ્ટેટમેન્ટ છે જેમાં સપ્લાયર દ્વારા અપલોડ કરેલ ઇન્વોઇસની માહિતી હોય છે, આઇટીસી લેતા પહેલા ધ્યાનમાં રાખવું, ઇન્વોઇસ જીએસટી 2B માં દેખાય છે કે નહીં, સપ્લાયર (વેચનાર) રિટર્ન નિયમિત રીતે ફાઇલ કરે છે કે નહીં, સપ્લાયર દ્વારા ખરીદનારના વ્યવહારનો ટેક્સ ભરી આપવામાં આવ્યો છે કે નહિં.

**૧૦. આઇટીસી લેતી વખતે કઇ કાળજી રાખવી જરૂરી છે ?**

જવાબઃ ખરીદનાર વેપારીએ ઇનપુટ ટેક્સ ક્રેડિટ લેતા પહેલા નીચેની બાબતો ધ્યાને લેવી જોઇએ. સપ્લાયર વિશ્વસનીય હોવો જોઇએ, જીએસટી R 2B સાથે મેચિંગ થયેલ હોવું જોઇએ, વેચનાર વેપારની સમયસર ચુકવણી કરી હોવી જોઇએ. (મહત્તમ ૧૮૦ દિવસમાં), યોગ્ય દસ્તાવેજો જેવા કે ઇન્વોઇસ (બીલ) ટ્રાન્સપોર્ટ રસીદ (LR) રાખવા, બ્લોક્ડ ક્રેડિટથી દૂર રહેવું.

૧૧. શું આઇટીસી ઓટોમેટિક મળે છે ?

જવાબઃ આઇટીસી ઓટોમેટિક નથી. ખરીદનાર વેપારીએ જી.એસ.ટી. કાયદા અંગે કાયદેસર રીતે મળવાપાત્ર ઇનપુટ ટેક્સ ક્રેડિટ ને પોતાના રિટર્ન દ્વારા ક્લેઇમ કરવાનો રહે છે.

૧૨. આઇટીસી ના ફાયદા શું છે ?

જવાબ : આઇટીસીના કારણે વેપાર જગત ડબલ ટેક્સ ના ભારથી બચાવે છે, ખરીદનાર વેપારી માટે નાણાકીય બોજ ઘટાડે છે, કેશ ફ્લો સુધારે છે, પારદર્શિતા વધારવામાં મદદ કરે છે.

આઇટીસી જીએસટી પ્રણાલીમાં એક મહત્ત્વપૂર્ણ વિષય છે. યોગ્ય રીતે આઇટીસી લેવાથી વ્યવસાયને ફાયદો થાય છે, પરંતુ તેની સાથે જોડાયેલી શરતો અને નિયમોનું પાલન કરવું જરૂરી છે. ખોટી રીતે આઇટીસી લેવાથી વ્યાજ, દંડ અને કાયદેસર મુશ્કેલીઓ ઊભી થઇ શકે છે. તેથી આઇટીસી લેતી વખતે સાવચેતી રાખવી અને જરૂરી હોય ત્યાં વ્યાવસાયિક સલાહ લેવી યોગ્ય રહેશે.

# હવે ફોરેન કમિશન ઉપર રિવર્સ ચાર્જ ભરવાનો થશે

જીએસટી કાયદા હેઠળ ઇન્ટરમીડિઅરી સેવાઓ બાબતે વિવાદ ઘણો મોટો હતો. IGST કાયદાની કલમ ૧૩(૮)(બ) હેઠળ ઇન્ટરમીડિઅરી સેવા માટે સપ્લાયનું સ્થળ તે ગણાતું જ્યાં ઇન્ટરમીડિઅરી સ્થિત છે. આનાથી એવી પરિસ્થિતિ ઉપસ્થિત થતી કે જો ઇન્ટરમીડિઅરી ભારતમાં હોય તો તેના બાહ્ય સપ્લાય ઉપર GST ભરવાનો થાય અને સપ્લાયની અવેજ ફોરેન કરન્સી મળે તો પણ GST ભરવાનો થાય. હવે ફાઇનાન્સ એક્ટ ૨૦૨૬ આવ્યો અને તે તારીખ 30 માર્ચ ૨૦૨૬ થી અમલમાં આવી ગયો. આના લીધે જે પ્રચંડ વિવાદાસ્પદ પરિસ્થિતિ ઉપસ્થિત થઇ અને કાયદો ફરી એકવાર ડંખવા આવશે તે બાબતે આજના લેખમાં ચર્ચા કરવામાં આવી છે.

## ઇન્ટરમિડિઅરી સેવાની વ્યાખ્યા

IGST કાયદાની કલમ ૨(૧૩) હેઠળ ઇન્ટરમીડિઅરી સેવાની વ્યાખ્યા આપી છે જેના મુજબ ઇન્ટરમીડિઅરી એટલે કે કોઇ બ્રોકર, એજન્ટ અથવા ગમે તે નામે ઓળખાતી વ્યક્તિ જે બે અથવા તેથી વધુ લોકોની વચ્ચે માલ અથવા સેવા અથવા બન્નેનો સપ્લાય જોડી આપે અથવા સિક્યોરિટીઝની વ્યવસ્થા કરાવી આપે. ઇન્ટરમીડિઅરી માટે ખાસ જરૂરી એ છે કે તે પોતે પોતના ખાતે આવી માલ કે સેવાનો સપ્લાય આપતો ન હોય અને વચેટીયાનું કામ કરે.

## IGST કાયદાની કલમ ૧૩

GST કાયદા હેઠળ IGST લાગશે કે પછી CGST તથા SGST લાગશે અથવા તો નિકાસ ગણાશે તે માટે સૌ પ્રથમ સપ્લાય માટે પ્લેસ ઓફ સપ્લાય નક્કી કરવાની થાય અને ત્યારબાદ સપ્લાયરનું લૉકેશન જોવાનું થાય. IGST ની કલમ ૧૩ હેઠળ વિશિષ્ટ જોગવાઇ આપી છે સેવાના સપ્લાય માટે સપ્લાયનું સ્થળ નક્કી કરવા માટે જ્યારે સપ્લાયર અથવા તો રેસિપિયન્ટ ભારત દેશની બહાર હોય. કલમ ૧૩ની પેટાકલમ (૮)(બ) હેઠળ તેમ જોગવાઇ કરી છે કે તે વિશિષ્ટ સેવા માટે સપ્લાયર જ્યાં સ્થિત હશે તે પ્લેસ ઓફ સપ્લાય ગણાશે.

## ફાઇનાન્સ એક્ટ ૨૦૨૬

ફાઇનાન્સ એક્ટ ૨૦૨૬ હેઠળ કલમ ૧૩(૮) IGST કાયદાની નાબૂત કરવા માટે જાહેર કર્યું અને તેના માટે કોઇ અમલી તારીખ લખી નથી. માટે જ્યારે 30 માર્ચ ૨૦૨૬ના રોજ બીલ પાસ થયું ત્યારે આ કલમ ૧૩(૮) IGST કાયદાની અસ્તિત્વમાં રહી નહીં.

## સુધારાની અસર

ભારતમાં સ્થિત ઇન્ટર્મિડ્યરી જે ફોરેન કરન્સી પ્રાપ્ત કરે છે પોતાના સપ્લાય માટે વિદેશથી તેમના તમામ વ્યવહાર ૩૧.૩.૨૦૨૬ થી નિકાસ ગણાશે. જ્યારે ભારતનો કોઇ વેપારી વિદેશમાં ફોરેન કમિશન ચૂકવે છે તેની ચૂકવણી ઉપર Import of Services તરીકે રિવર્સ ચાર્જ ભરવાનો થાય. સરકારે સુધારામાં અમલી તારીખ લખી નથી જેથી તેમ અર્થ થાય કે ૧.૭.૨૦૧૭ થી RCM ભરવાનું જોખમ પણ ઊભું રહેવાનું.

### સંસ્થાને દાન આપીને રોકડમાં રકમ પરત મેળવી લેતા હોવાના ગોરખધંધા પર લગામ

# દાન આપો દિલથી પણ વિગતો આપો બીલથી

### નાણાં ની ચુકવણી સહિતની વિગતો આઈટી રિટર્નમાં ફરજીયાત દર્શાવવી પડશે

ટેક્સ બચાવવા માટે કેટલાક લોકો દ્વારા પોલિટીકલ પાર્ટી અથવા કેટલીક સંસ્થાઓને દાન આપીને તે રકમ રોકડમાં પરત મેળવી લેતા હોય છે. જો કે દાન લેનાર તેમાંથી ૧૦% ની આસપાસની રકમ કાપીને બાકીની રકમ દાન આપનાર ને પરત કરી દેવામાં આવતી હોય છે. આવી અનેક ફરીયાદો મળ્યા બાદ ઈન્કમ ટેક્સ વિભાગની તપાસમાં કેટલીક હકીકતો પણ બહાર આવી હતી. તે આધારે દાન આપવા માટે કડક નિયમો લાવવામાં આવ્યા છે તેમજ તેનો અમલ પણ ચાલુ વર્ષથી જ અમલ પણ કરવામાં આવનાર છે.

આવકવેરા વિભાગે કરચોરી રોકવા અને પારદર્શીતા લાવવા માટે દાન અંગેના નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. અત્યાર સુધી ઘણા કરદાતાઓ બોગસ સંસ્થાઓને દાન આપીને ૮૦જી હેઠળ ખોટી કપાત મેળવી ટેક્સ બચાવતા હતા. પરંતુ હવે નવા નિયમો મુજબ દાન આપનારને માત્ર દાનની રકમ જ નહીં પરંતુ તેની સંપૂર્ણ વિગતો આવકવેરા રિટર્નમાં આપવી પડશે. કારણ કે અગાઉ ઘણા કિસ્સાઓમાં જોવા મળ્યું હતું કે કરદાતાઓ અમુક ટ્રસ્ટ કે સંસ્થાઓને ચેકથી દાન આપતા અને બાદમાં રોકડમાં નાણાં પરત મેળવી લેતા હતા.

આ રીતે કાગળ પર દાન બતાવી ટેક્સમાં મોટી રાહત મેળવવામાં આવતી હતી. નવા નિયમો હેઠળ હવે દાન લેનાર સંસ્થાએ દાન આપનારની વિગતો ફાઈલ કરવી પડશે અને દાન આપનારે પણ પોતાના રિટર્નમાં પેમેન્ટ મોડની જાણકારી આપવી પડશે. તેમાં ચેકથી નાણાં આપ્યા આરટીજીએસ, એનઈએફટી થી ચુકવણી કરી હોય તો તેનો યુઆરએન નંબર આપવો પડશે. કઈ તારીખે દાન આપ્યું તેના પુરાવા આપવા પડશે. તેના કારણે દાનના નામે ટેક્સ બચાવવા માટેનો જે ગોરખધંધો થતો હતો જેને બંધ કરવા માટે નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે.

### રિટર્નમાં આ વિગતો આપવી પડશે

૧. જે સંસ્થાને દાન આપ્યું હોય તેનો પાન કાર્ડ નંબર.

૨. નાણાં રોકડા ચુકવ્યા છે ચેક થી નેટ બેંકીંગ - યુ.પી.આઈ. થી તેની સ્પષ્ટતા

૩. દાન કોર્પસ ફંડ માટે છે કે સામાન્ય તે જણાવવું પડશે.

૪. સંસ્થાનો સરકારી નોંધણી નંબર હવે અનિવાર્ય છે.

### ડોનેશન સર્ટીફીકેટ મહત્ત્વનું સાબિત થશે

હવે માત્ર દાનની પહોંચ પુરતી નથી, દાન લેનાર સંસ્થાએ આવકવેરા વિભાગમાં દાનની યાદી જમા કરાવવી પડે છે. ત્યારબાદ જ સિસ્ટમમાં ફોર્મ ૧૦ બીઈ  જનરેટ થાય છે. જો તમારી પાસે આ સર્ટીફીકેટ હશે અને સંસ્થાએ તે ઓનલાઈન અપડેટ કર્યું હશે તો જ તેમને ટેક્સમાં બાદ મળવાપાત્ર થશે. આનાથી બોગસ બેંક ડેટ રસીદોનો ખેલ ખતમ થઈ જશે.

### દાનમાં ૨૦૦૦ થી વધુ રકમ રોકડમાં નહીં અપાય

સંસ્થાને દાન આપવામાં આવ્યું હશે અને તેમાં ૨૦૦૦ કરતાં વધુની રકમ રોકડમાં આપી હશે તો તેને માન્ય ગણાશે નહીં. કારણ કે ૨૦૦૦ કરતાં વધુની રકમ દાનમાં આપવામાં આવી હોય તો તે ફરજીયાત ચેક અથવા આરટીજીએસ, એનઈએફટી કે યુ.પી.આઈ. ના માધ્યમથી જ તેની ચુકવણી કરવામાં આવી હોવી જોઈએ. તેથી દાન આપનારે તેની પણ ખાસ કાળજી રાખવી પડશે.

### વસિયતનામું બનાવવું છે સરળ પરંતુ વસીયતનામાના અભાવે અનેક પડકારો

# વિલ અથવા વસિયત નામા સંબંધી ઉપયોગી માર્ગર્શન

### વસિયતનામું ન બનાવ્યું હોય તો મિલકતો ની વહેંચણી સંબંધી ઉપસ્થિત થતી વ્યવહારૂ સમસ્યાઓ

વસિયતનામું બનાવ્યા વગર વ્યક્તિનું અવસાન થાય તેવા કેસમાં ઉપર જણાવ્યા મુજબ વ્યક્તિને લાગુ પડતા સંબંધીત 'લો ઓફ ઈન્ટેસ્ટેટ સક્સેશન' ના આધારે તેની મિલકતની વહેંચણી કરવાની રહે. દૃષ્ટાંત સ્વરૂપે હિન્દુઓના કેસમાં હિન્દુ સક્સેશન એક્ટની જોગવાઈઓના આધારે કોઈ હિન્દુ પુરૂષનું 'ઈન્ટેસ્ટેટ' અવસાન થાય તો આ કાયદાની કલમ ૯ ના આધારે તેની મિલકત તેના 'ક્લાસ વન' હેઠળ નિર્દિષ્ટ કરેલ વારસદારો હૈયાત હોય તો તેમની વચ્ચે સરખે હિસ્સે વહેંચવાની રહે. 'ક્લાસ વન' ના વારસદારોમાં પુરૂષ વ્યક્તિની વિધવા પત્ની, પુત્રો, પુત્રીઓ, માતા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. હિન્દુ પુરૂષના અવસાન બાદ મિલકતની વહેંચણી અંગે આપણા સમાજમાં પ્રવર્તતો સામાન્ય ખ્યાલ અને વ્યવહાર એ હોય છે કે મરનારની મિલકત તેની વિધવા તેમજ પુત્રો વચ્ચે જ વહેંચવા માં આવે પરંતુ કાયદાકીય જોગવાઈઓ અનુસાર મરનારની પુત્રીઓ (પરણીત તેમજ અપરણીત) તથા માતાને પણ તેની વિધવા તથા પુત્રો જેટલો જ સરખો હિસ્સો મળવાપાત્ર રહે. જો વાસ્તવમાં મિલકતની આમ વહેંચણી કરવામાં ન આવે તો કૌટુંબીક મનદુઃખ તથા કલેશ થવાની પુરી શક્યતાઓ રહે. વ્યક્તિએ જો પોતાના વારસદારો વચ્ચે પોતાની મિલકતની સ્પષ્ટ વહેંચણી દર્શાવતું વસિયતનામું બનાવ્યું હોય તો આવી નાજુક પરિસ્થિતિઓ અને તેનાથી ઉદ્ભવતી સમસ્યાઓ નિવારી શકાય. વળી વ્યક્તિની અમુક પ્રકારની સ્થાવર, જંગમ મિલકતો તેના અવસાન બાદ તેમના વારસદારોના નામે ચડાવવાની હોય તેવા સંજોગોમાં પણ વસિયતનામાંના આધાર વગર તેમ કરવાનું ઘણું મુશ્કેલ બને. આવા સંજોગોમાં વારસદારોએ સિવિલ કોર્ટમાંથી 'સક્સેશન સર્ટીફીકેટ' મેળવવાનું રહે. જેની કાર્યવાહી ઘણી ખર્ચાળ અને સમય માગી લે તેવી છે.

### વસિયતનામા વિશે કેટલાક પ્રાથમિક ખ્યાલ

કોઈપણ પુખ્તવય ની તેમજ સ્વસ્થ મગજ ધરાવતી વ્યક્તિ પોતાની મિલકત સંબંધી વિલ યાને વસિયતનામું કરી શકે છે. વ્યક્તિ પોતાની તમામ સ્વ ઉપાર્જીત મિલકત પોતાના વસિયતનામા હેઠળ જેને ચાહે તેને આપવાનું ઠરાવી શકે. આનો એકમાત્ર અપવાદ એ છે કે 'મુસ્લીમ લો' ની જોગવાઈઓ અનુસાર કોઈપણ મુસલમાન પોતાની મિલકતનો માત્ર એક તૃતિયાંસ ભાગ જ વસિયતનામા હેઠળ આપી શકે. 'હિન્દુ લો' ની જોગવાઈઓ અનુસાર હિન્દુ હોય તેવી વ્યક્તિ પોતાની સ્વ ઉપાર્જીત મિલકત ઉપરાંત હિન્દુ અવિભક્ત કુટુંબમાંથી મિલકતમાં પોતાના હક્ક કે હિત સંબંધી વસિયતનામું કરી શકે છે. વ્યક્તિએ પોતાના વસિયતનામા હેઠળ પોતાની મિલકતની જે કોઈ વહેંચણી કે વ્યવસ્થા ઠરાવવી હોય તેનો અમલ તેના અવસાન પછી જ થાય છે. અને તેથી પોતાની હૈયાતી દરમ્યાન તે જેમ ચાહે તેમ તેનો ઉપયોગ કરી શકે છે. વળી, પોતાના જીવનકાળ દરમ્યાન વ્યક્તિ ચાહે તેટલીવાર પોતાનું વસિયતનામું બદલી શકે છે. નવો વસિયતનામું બનાવવામાં આવે ત્યારે જુનું વસિયતનામું સ્વયં રદબાતલ થયેલું ગણાય છે. વ્યક્તિનું અવસાન થાય ત્યારે તેને બનાવેલું છેલ્લા માં છેલ્લું વસિયતનામું અમલી ગણાય. વ્યક્તિએ અગાઉ વસિયતનામું બનાવ્યું હોય અને જો તે સંપૂર્ણતઃ નવું વસિયતનામું બનાવવાને બદલે તેમાં કેટલાક સુધારા વધારા કે પુરવણી કરવા માગતી હોય તો આવા સંજોગોમાં તે પુરક કે વધારાનું વસિયતનામું તૈયાર કરી શકે. જેને 'કોડીશીલ' કહેવામાં આવે છે. 'કોડીશીલ' બનાવવામાં આવ્યું હોય ત્યારે 'વિલ' અને 'કોડીશીલ' બંને સંયુક્ત અને એકબીજાને પુરક દસ્તાવેજો બની રહે છે.

### વસિયતનામું બનાવતી વખતે ખ્યાલમાં રાખવાના મહત્વના મુદ્દા

કોઈપણ વ્યક્તિ માટે પોતાનું વિલ કે વસિયતનામું બનાવવું સરળ છે. વસિયતનામું બનાવવાના સંદર્ભમાં નીચે જણાવેલા મુદ્દા ધ્યાનમાં રાખવા જેવા છે :

(૧) વસિયતનામું સાદા કાગળ ઉપર કરી શકાય છે અને તે માટે કોઈ 'સ્ટેમ્પ પેપર' કે 'લીગલ પેપર' ની જરૂર નથી.

(૨) વસિયતનામું તૈયાર કરવા માટે કોઈ કાયદાકીય ભાષાના પ્રયોગની જરૂર નથી. વસિયતનામું બનાવનાર વ્યક્તિની ઈચ્છા સ્પષ્ટ અને સમજી શકાય તેવી સાદી અને સરળ ભાષામાં રજૂ કરવામાં આવે તે ઈચ્છનીય છે.

(૩) વસિયતનામું તૈયાર કરવા સંબંધી સૌથી મહત્વની બાબત એ છે કે વસિયતનામાના અંતમાં વસિયત બનાવનાર વ્યક્તિએ (વસિયતકારે) 'એટેસ્ટેશન' સ્વરૂપે બે સાક્ષીઓની ઉપસ્થિતિમાં પોતાની સહી કરવી જોઈએ. સાક્ષીઓએ સહી કરતી વખતે

વસિયતનામાની વિગતો જાણવી કે વાંચવી જરૂરી નથી. વસિયતનામા હેઠળ જેને લાભ મળવાનો હોય તેવી વ્યક્તિની સાક્ષી તરીકે સહી ન લેવામાં આવે તો તે સલાહભર્યું ગણાય.

(૪) વસિયતકાર વસિયતનામાના દરેક પાનાની નીચે પોતાની સહી કરે તે સલાહભર્યું બની રહે. આ ઉપરાંત જો વસિયતનામામાં સુધારા-વધારા કે છેકછાક કરવામાં આવે, તો આવા સ્થળે અથવા સામે માર્જિનમાં વસિયતકાર તેમજ સાક્ષીઓએ ટૂંકમાં સહી કરવી જરૂરી છે. અલબત્ત, જો વસિયતનામામાં વધારે પડતી છેક-છાક કે સુધારા-વધારા કરવા જરૂરી હોય, તો તે સંજોગોમાં વસિયતનામું નવેસરથી તૈયાર કરાય તે હિતાવહ ગણાય. ઉપર જણાવ્યા મુજબ વ્યક્તિ પોતે ચાહે તેટલી વાર પોતાનું વસિયતનામું બદલી શકે છે અને નવું વસિયતનામું બનાવવામાં આવતાં જુનું આપોઆપ રદ થયેલું ગણાય છે.

(૫) વિલ યા વસિયતનામાનું 'રજિસ્ટ્રેશન' અર્થાત્ નોંધણી કરાવવી જરૂરી નથી. અલબત્ત, વસિયતનામાની કાયદેસરતા પડકારવામાં આવે તેવા સંજોગો ઊભા થવાનો વસિયતકારને સંશય હોય, ત્યારે વિલનું 'રજિસ્ટ્રેશન' અથવા નોટરી પબ્લિક સમક્ષ 'નોટરાઇઝેશન' કરાવવાનું વિચારી શકાય. આવા સંજોગોમાં વિલના અંતમાં સાક્ષીઓને સહી ઉપરાંત, વ્યક્તિના ફેમિલી ડોક્ટરની સહી અને વ્યક્તિના તન અને મનની દુરસ્તતાનું પ્રમાણપત્ર આવરી લેવામાં આવે તો તે સલાહભર્યું બની રહે. અલબત્ત, સ્થાવર મિલકતની વહેંચણીના કેસમાં વિલ રજિસ્ટ્રેશન કરાવેલું હોય તો નામ ફેરફારની પ્રક્રિયા સરળ બની રહે છે.

(૬) વસિયતનામાનો અમલ વ્યક્તિના અવસાન બાદ થનાર હોય, વસિયતકારે પોતાની મિલકતની વહેંચણી કે વ્યવસ્થા સંબંધી જે યોજના કરી હોય, તેનો અમલ કરવા માટે વિલમાં 'એક્ઝિક્યુટર્સ' યાને વહીવટકર્તાની નિમણૂંક કરવી જરૂરી બને છે. વસિયતકારે પોતાની વિશ્વાસુ હોય તેવી એક અથવા વધુ વ્યક્તિઓની વિલમાં 'એક્ઝિક્યુટર્સ' તરીકે નિમણૂંક કરવી જોઇએ અને વિલમાં તેનો ઉલ્લેખ કરવો જોઇએ.

(૭) ઉપર જણાવ્યા મુજબ એકવાર તૈયાર કરેલ 'વિલ' માં અમુક મુદ્દાઓની પુરવણી કે કેટલાક સુધારા-વધારા કરવાનું જરૂરી બને, તો તે સંજોગોમાં પૂરક દસ્તાવેજ રૂપે 'કોડિસિલ' તૈયાર કરી શકાય. 'કોડિસિલ' તૈયાર કરવા માટે 'વિલ' બનાવવા સંબંધી ઉપરોક્ત મુદ્દાઓ ખ્યાલમાં રાખવા જોઇએ. 'કોડિસિલ' બનાવવામાં આવ્યું હોય, તો તેને 'વિલ' સાથે જ રાખવું સલાહભર્યું ગણાય, વસિયતકારે બનાવેલ 'વિલ' તેમ જ 'કોડિસિલ' ની 'ઓરિજીનલ' (અસલ દસ્તાવેજ) વ્યવસ્થિત અને સુરક્ષિત સ્થળે મૂકી તેની જાણ પોતાના કુટુંબ કે નિકટના મિત્રોને કરવી જોઇએ. આ ઉપરાંત બંધ કવરમાં 'વિલ તેમજ કોડિસિલ' ની નકલો, વિલ હેઠળ નીમવામાં આવેલ 'એક્ઝિક્યુટર્સ' યાને વહીવટકર્તાઓને આપી શકાય તેમ હોય તો તે વ્યાવહારિક સંદર્ભમાં સલાહભર્યું બની રહે.

## અસ્વીકરણ (Disclaimer)

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના આ બુલેટિન માં પ્રકાશિત કરવામાં આવેલ તમામ લેખો અને માહિતી આ બુલેટિન ના તમામ વાંચકોને માત્ર સામાન્ય જાણકારી માટે છે. આ બુલેટિનમાં પ્રકાશિત કોઇપણ લેખ કે માહિતી લેખકોના સ્વતંત્ર અભિપ્રાય અને તેમની અંગત જાણકારી અનુસારના હોવાથી જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કોઇ પણ લેખ અથવા માહિતીની સત્યતા, સંપૂર્ણતા કે સમયસૂચકતા બાબતે કોઇપણ પ્રકારની ગેરંટી આપવાાં આવતી નથી. આ બુલેટિનમાં પ્રકાશિત કરવામાં આવેલ તમામ લેખો કે માહિતીનો ઉપયોગ કરીને કોઇ ચોક્કસ નિર્ણય કરતાં પહેલાં વાંપકોએ અધિકૃત તંત્રોની કાયદેસરની સલાહ લેવી જરૂરી છે. તમામ વાચકોએ પોતાના સ્વતંત્ર વિવેક બુદ્ધિને અનુસરીને નિર્ણયો લેવાની સલાહ આપવામાં આવે છે. માત્ર આ બુલેટિન માં પ્રકાશિત કરવામાં આવેલ લેખો કે માહિતના આધારે લેવામાં આવેલ કોઇપણ નિર્ણય કે કાર્યવાહીમાં જો કોઇ પણ પ્રકારનું નુકસાન થાય તો તેના માટે જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને આ બુલેટિનના લેખકો કોઇપણ પ્રકારની જવાબદારી સ્વીકારતા નથી.

# ધંધા/વ્યવસાય માં ટેક્સ ઓડિટ કોને કરાવવું જરૂરી છે ?

**કલમ ૪૪એબી મુજબ જે વ્યક્તિ ધંધો કે વ્યવસાય કરતી હોય તેનું કુલ વેચાણ વર્ષ દરમ્યાન રૂપિયા ચાલીસ લાખથી વધારે થયું હોય તેવા કરદાતા એ પોતાના હિસાબી ચોપડાનું ઓડિટ કોઇ પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે કરાવવું ફરજીયાત હતું.**

૧ એપ્રિલ ૨૦૨૬ થી આવકવેરા કાયદો, ૨૦૨૬ અમલ માં આવી ગયો છે જે આખો કાયદો નવો બનાવેલ છે એટલે તે પ્રમાણે કરદાતા અને આવકવેરા ખાતાએ કામ કરવાનું રહેશે. આપણે સૌ જાણીએ છીએ કે જ્યારે આવકવેરા કાયદા માં સૌ પ્રથમ ટેક્સ ઓડિટ ની કલમ ૪૪એબી ફાઇનાન્સ એક્ટ, ૧૯૮૪થી દાખલ કરવામાં આવ્યો જેનો અમલ ૧લી એપ્રિલ, ૧૯૮૫ થી કરવામાં આવ્યો. જ્યારે આ કલમ દાખલ કરવામાં આવી ત્યારે તેનો ખુબ જ વિરોધ કરવામાં આવ્યો હતો અને કેટલાક રાજ્યો માં તો હાઇકોર્ટ માં રિટ દાખલ કરવામાં આવી હતી. આ કલમ ૪૪એબી મુજબ જે વ્યક્તિ ધંધો કે વ્યવસાય કરતી હોય તેનું કુલ વેચાણ વર્ષ દરમ્યાન રૂા. ચાલીસ લાખથી વધારે થયું હોય તેવા કરદાતા એ પોતાના હિસાબી ચોપડાનું ઓડિટ કોઇપણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે કરાવવું ફરજીયાત હતું. ઓડિટ કરાવ્યા બાદ તેનો ઓડિટ રિપોર્ટ બનાવી આવકવેરા રિટર્નની સાથે મોકલવાનું ફરજીયાત હતું. આ અંગે કરવેરા સલાહકારો અને આવકવેરાનું કામ કરનાર એડવૉકેટો એ ઘણો વિરોધ કર્યો અને તેમને લાગતું હતું કે હવેથી બધું કામ સી.એ. પાસે થશે. જો કે આપણી ગુજરાત હાઇકૉર્ટે સી એ ની તરફેણમાં ચુકાદો આપ્યો. જોકે આજ કલમ નીચે વ્યવસાય કરનારા કરદાતા (એડવૉકેટ) સિવાય ને જો તેમની કુલ રીસિપ્ટ્સ રૂપિયા દસલાખ થી વધારે હોય તો તેમને પણ તેમના હિસાબી ચોપડા ઓડિટ કરાવવા ફરજીયાત હતું.

- આ કલમ ૪૪એબી માં ટર્નઓવર અને ગ્રોસરીસિપ્ટ જે ધંધો અને વ્યવસાય ને લગતા છે તેમાં આજ સુધીમાં ફેરફાર કરવામાં આવ્યા તે નીચે દર્શાવેલ છે.

વર્ષ/ફાયનાન્સ એક્ટ ધંધાની ટર્નઓવર ની મર્યાદા વ્યવસાયની કુલ આવક ની મર્યાદા

૧૯૮૪ થી અમલ

| | |
|---|---|
| ૧૦ લાખ વાર લાગુ થઇ | |
| ફાઇનાન્સ એક્ટ ૨૦૧૦ | ૬૦ લાખ |
| ૧૫ લાખ | પહેલી વાર મર્યાદા વધારી |
| નાણાકીય કાયદો ૨૦૧૨ | ૧ કરોડ ૨૫ લાખ |
| નાણાકીય કાયદો ૨૦૧૬ | ૧ કરોડ ૫૦ લાખ |
| નાણાકીય કાયદો ૨૦૨૦ | ૫ કરોડ ૫૦ લાખ |
| નાણાકીય કાયદો ૨૦૨૧ | ૧૦ કરોડ ૫૦ લાખ |

જો કરદાતાના કુલ ટર્નઓવર કે ગ્રોસ આવકમાં રોકડની આવક અને ખર્ચ ૫% થી ઓછો હોય તો જ ૫ કરોડ ની મર્યાદા લાગુ પડશે જો ૫% થી વધારે હશે તો રૂા. ૧ કરોડની મર્યાદા ગણવાની રહેશે.

અત્યારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ / આકારણી વર્ષ ૨૦૨૬-૨૭ માટે સામાન્ય મર્યાદા રૂપિયા ૧ કરોડ અને ડિજિટલ શરતો સાથે રૂા. ૧૦ કરોડ અને વ્યવસાયિક કરદાતા માટે રૂા. ૫૦ લાખ. આવકેવેરા કાયદો ૨૦૨૫ માં ઓડિટ માટે કલમ ૪૪ એબીની જગ્યાએ કલમ ૬૩ માં માહિતી આપવામાં આવી છે, જે નીચે દર્શાવેલ છે.

કલમ ૪૪એબી કલમ ૬૩

ઓછા નફાવાળા ધંધો ઓડિટ કરાવવાની જરૂર નથી ૬ ટકા અથવા ૮ ટકા થી ઓછો હોય ઓડિટ ફરજીયાત કરાવવું પડે ધંધાવાલા કરદાતા રૂા. ૧ કરોડ સામાન્ય ૧૦ કરોડ રૂા. ૧ કરોડ સામાન્ય ૧૦ કરોડ (૯૫ ટકા ડિજિટલ) (૯૫ ટકા ડિજિટલ) વ્યવસાય વાલા કરદાતા રૂા. ૫૦ લાખ સામાન્ય/૭૫ લાખ રૂા. ૫૦ લાખ (સામાન્ય) ૭૫ લાખ (૯૫ ટકા ડિજિટલ) (૯૫ ટકા ડિજિટલ) ઓડિટ રિપોર્ટનું ફોર્મ ૩સીએ/૩સીબી/૩સીડી ફોર્મ ૨૬ (એકીકૃત)

### મિલકતોની સરળ વહેંચણીના હેતુસર વ્યક્તિગત રોકાણોના સંદર્ભમાં શું ખ્યાલમાં રાખશો ?

# વસિયતનામા દ્વારા લાભદાયી આવકવેરા આયોજન અંગેની સમજ

### કરવેરા આયોજનની દૃષ્ટિએ વસિયતનામાનો લાભદાયી ઉપયોગ કેવી રીતે થઈ શકે ?

વસિયતનામામાં યોગ્ય જોગવાઈઓ કરીને વસિયતકાર પોતાના વારસદારોને કરવેરા આયોજનના ઉપયોગી લાભ મળી રહે તેવી યોજના પણ કરી શકે.

વસિયતકાર પોતાની મિલકતની વહેંચણી પોતાના સભ્યો વચ્ચે કરે તે સ્વાભાવિક છે. પિતા પોતાનું વસિયત બનાવે ત્યારે પોતાની મિલકત સામાન્યતઃ તેના પુત્રો વચ્ચે વહેંચવાની ઈચ્છા ધરાવે. આવે સમયે પિતાએ પોતાના પુત્રોની કરપાત્ર આવક તથા સંપત્તિ નો ખ્યાલ રાખવો જોઈએ. જો પુત્રોની કરપાત્ર આવક તથા સંપત્તિ ઊંચી હોય અને તેમાં પિતાએ તેમના વસિયત હેઠળ આપેલી મિલકતનો ઉમેરો થાય, તો આવી મિલકતમાંથી ઉદ્‌ભવતી આવક ઉપર આવકવેરાની ઘણી ઊંચી જવાબદારી આવે. આવા સંજોગોમાં પોતાના પુત્રને વહેંચવાની મિલકત તેને વ્યક્તિગત સ્વરૂપે આપવાને બદલે જો પિતા પોતાની પુત્રવધુ, પુત્રનાં બાળકો કે પુત્રના હિંદુ અવિભક્ત કુટુંબ, જેની પણ કરપાત્ર આવક અને સંપત્તિ પ્રમાણમાં નીચી હોય તેમને આપવાનું ઠરાવે, તો તે કરવેરા આયોજનની દૃષ્ટિએ લાભદાયી બની રહે. આ સંદર્ભમાં પોતાના પિતા કે માતા અથવા નજીકના કોઈ સગા-સંબંધીના વસિયતનામા હેઠળ જે વ્યક્તિને કોઈ મિલકત મળનાર હોય, તો તેવી મિલકત વ્યક્તિના કુટુંબમાંના એવા સભ્યો વચ્ચે વહેંચવાનું આયોજન કરાવી શકાય, જેથી ભવિષ્યની દૃષ્ટિએ તેના ઉપરની આવકવેરા જવાબદારીનું પ્રમાણ શક્ય એટલું નીચું રાખીને કરવેરામાં બચતના મહત્તમ લાભો મેળવી શકાય.

### વિલ હેઠળ ડિસ્ક્રીશનરી ટ્રસ્ટની રચના દ્વારા કરવેરા આયોજન

ઉપર જણાવ્યા મુજબ વસિયતકારે પોતાની મિલકતની વહેંચણીનું આયોજન એ રીતે ગોઠવવું લાભદાયી બની રહે, જે દ્વારા તેની મિલકત તેના કુટુંબના એવા સભ્યો વચ્ચે વહેંચવામાં આવે, જેમને કોઈ કરવેરાની જવાબદારી ન હોય અથવા પ્રમાણમાં નીચી હોય. પરંતુ, જો કુટુંબના તમામ સભ્યોની આવકવેરાની જવાબદારી પ્રમાણમાં ઊંચી હોય તો ? આવા સંજોગોમાં વસિયતકાર પોતાના વિલ હેઠળ ડિસ્ક્રીશનરી ટ્રસ્ટની રચના કરવાનું આયોજન કરી શકે. આવકવેરાના કાયદા હેઠળ સામાન્યતઃ 'ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ' ના કેસમાં તેની કરપાત્ર આવક ઉપર આવકવેરાના ૩૦% (સરચાર્જ હોય તો તે ઉમેરીને) ના મહત્તમ દરે આવકવેરો વસૂલ કરવાની જોગવાઈ છે. પરંતુ આ સંદર્ભમાં રાખવામાં આવેલા કેટલાક વિશિષ્ટ અપવાદો પૈકી એક મહત્ત્વનો અપવાદ એ વિલ હેઠળ રચાયેલ ડિસ્ક્રીશનરી ટ્રસ્ટને લગતો છે. આમ વિલ હેઠળ રચાયેલા ડિસ્ક્રીશનરી ટ્રસ્ટને આકારણીના એક અલગ એકમ તરીકે ગણવામાં આવે છે અને તેની આવક ઉપર આવકવેરાના સામાન્ય દરો લાગુ પાડવામાં આવે.

જે ટ્રસ્ટમાં તેના બેનીફિશ્યરીઓ નક્કી ન હોય અથવા બેનીફિશીયરીઓ નક્કી હોય તો ટ્રસ્ટની આવક તથા મિલકતમાં તેમનો હિસ્સો નક્કી ન હોય, તેવા ટ્રસ્ટને 'ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ' કહેવામાં આવે છે. આ પ્રકારના ટ્રસ્ટમાં ટ્રસ્ટીઓને ટ્રસ્ટની આવક તથા એની મિલકત બેનીફિશ્યરીઓ વચ્ચે પોતાની મરજી મુજબ વહેંચવા માટે પૂરી છૂટ આપવામાં આવે છે. પોતાનું વિલ બનાવતી વખતે વ્યક્તિ વિલના જ ભાગરૂપે આ પ્રકારનું ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ રચવાનું ઠરાવીને, તેને લગતી સંબંધિત જોગવાઈઓ કરી શકે. આવા ટ્રસ્ટનું અસ્તિત્વ વ્યક્તિનું મૃત્યુ થયા બાદ અમલમા ંઆવે અને વ્યક્તિએ વિલમાં નિર્દિષ્ટ કરેલી મિલકત આવા ટ્રસ્ટનું ટ્રસ્ટડ બને. આવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓને તેના બેનેફિશ્યરીઓ વચ્ચે આવક તેમજ મિલકત વહેંચવાની સંપૂર્ણ અને વિશાળ સત્તા હોય, યોગ્ય ટ્રસ્ટીઓની નિમણૂંક કરવામાં આવે તે ઈચ્છનીય છે. વસિયતકારે એ વાતનો ખાસ ખ્યાલ રાખવો રહ્યો કે તેના વિલ હેઠળ માત્ર એક જ ટ્રસ્ટની રચના કરવામાં આવે, કારણ આવકવેરાના સામાન્ય દરો લાગુ પાડવા સંબંધી ઉપરોક્ત રાહતકારક જોગવાઈનો લાભ તો જ મળી શકે, જો વિલ હેઠળ રચવામાં આવેલ સંબંધિત ડિસ્કશનરી ટ્રસ્ટએ વસિયતકારે તેના વિલ હેઠળ જાહેર કરેલું એકમાત્ર ટ્રસ્ટ હોય.

### વ્યવહાર સંદર્ભમાં પણ આવા ટ્રસ્ટની ઉપયોગિતા

વસિયતકાર સંપત્તિવાન હોય અને તેના મૃત્યુ બાદ તેની મિલકત તેના બાળકો કે હજુ સગીર અને કાચી સમજનાં હોય તેમને મળવાની હોય, તેવા સંજોગોમાં વસિયતકારને એ સ્વાભાવિક ચિંતા રહે કે તેનાં બાળકોના હાથમાં સીધી રીતે આવી જનાર મોટી મિલકત નું યોગ્ય સંરક્ષણ તેઓ કરી શકશે કે કેમ? આવા સંજોગોમાં વસિયતકાર પોતાના વિલ હેઠળ ઉપર જણાવ્યા મુજબનું 'ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ' અથવા યોગ્ય કેસમાં 'સ્પેસિફિક ટ્રસ્ટ' ની રચના કરી પોતાની ચિંતા ટાળી શકે. આ વ્યવસ્થાનો વ્યવહારુ લાભ એ રહે કે વસિયતકારની મિલકતના વાસ્તવિક માલિક ટ્રસ્ટના બેનીફિશ્યરીઓ તરીકે તેનાં સગીર બાળકો હોવા છતાં, તેનો વહીવટ અને વ્યવસ્થા વસિયતકારે નીમેલા પુખ્ત વયના તથા સમજદાર તેમજ વિશ્વાસુ ટ્રસ્ટીઓના હાથમાં રહે અને તેથી વસિયતકારની મિલકત અયોગ્ય રીતે વેડફાઈ જવાનો કે તેનો દુર્વ્યય થવાનો કોઈ ભય ન રહે. ચોક્કસ સંજોગોમાં કરવેરા આયોજન ઉપરાંત વ્યવહારુ સંદર્ભમાં, આવા ટ્રસ્ટની ઘણી ઉપયોગિતા બની રહે!

**ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ દ્વારા કરવેરા આયોજનના અનેકવિધ લાભો !**

જો કુશળતાપૂર્વક આયોજન કરવામાં આવે, તો વિલ હેઠળ રચાયેલા ડિસ્ક્રીશનરી ટ્રસ્ટના એકમ દ્વારા આવકવેરામાં ઘણી જ ઉપયોગી બચત થઈ શકે ટ્રસ્ટના બેનિફિશ્યરીઓ (જેમાં ભાવિ પેઢીના બેનીફિશ્યરીઓનો પણ સમાવેશ થઈ શકે) વચ્ચે સમયાનુસાર ટ્રસ્ટ ફંડ તેમજ એકત્રિત કરાયેલી આવકમાંથી યોગ્ય પ્રમાણમાં વહેંચણી કરીને, 'ક્લબિંગ પ્રોવિઝન્સ' લાગુ પડવાની કોઈ પણ ચિંતા વગર, તેમની આવક તેમજ મૂડીનું આયોજીત નિર્માણ કરવાના લાભો મળી શકે. આ ઉપરાંત આકારણીના અલગ એકમ તરીકે આવકવેરા ના સામાન્ય દરો લાગુ પડવાની વિશિષ્ટ સવલતને કારણે, આવા ટ્રસ્ટના ઉપયોગ દ્વારા આવકવેરામાં બચતના કેવા લાભ મળી શકે તેનો સ્પષ્ટ ખ્યાલ નીચે આપેલા દૃષ્ટાંતમાંથી આવી શકશેઃ

દૃષ્ટાંત : એક વ્યક્તિ 'આ' તેના વિલ હેઠળ પોતાના કુટુંબના સભ્યોને બેનીફિશ્યરીઝ બનાવીને પોતાની તમામ મિલકતનું એક ડિસ્કશનરી ટ્રસ્ટ બનાવે છે. 'આ' તેના મૃત્યુ સમયે રૂા. બે કરોડની સંપત્તિ મૂકીને જાય છે, જેમાંથી વાર્ષિક રૂા. ૨૪ લાખની કરપાત્ર આવક ઉદ્ભવે છે. 'અ' ના મૃત્યુ સમયે તેના કુટુંબના તમામ સભ્યો આવકવેરાના ૩૧.૨% ના સ્લેબમાં આવકવેરો ભરે છે. સામાન્ય સંજોગોમાં જો વિલ હેઠળ 'અ' ના કુટુંબના કોઈ પણ એક અથવા વધુ સભ્યને આ મિલકત મળી હોત, તો તે સંબંધી તેમણે રૂા. ૭,૪૮,૮૦૦ નો આવકવેરો ભરવાનો થાત. પરંતુ, વિલ હેઠળનું ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ AOP તરીકે આકારણીનું અલગ એકમ ગણાતું હોઈ અને તેના ઉપર આવકવેરાની નવી યોજના હેઠળ આકારણી વર્ષ ૨૦૨૬-૨૭ માટે આવકવેરાના સામાન્ય દરોએ ગણતરી કરતાં, આ કેસમાં રૂા. ૩,૧૨,૦૦૦ નો આવકવેરો ભરવાનો થાય. આમ ઉપરોક્ત સંજોગોમાં વિલ હેઠળ ડિસ્ક્રીશનરી ટ્રસ્ટની રચનાને કારણે 'અ' ના કુટુંબીજનો રૂા. ૪,૩૬,૮૦૦ (૭,૪૮,૮૦૦-૩,૧૨,૦૦૦) ના આવેકવેરાની રકમ, પ્રતિવર્ષ વધતી જતી માત્રામાં બચાવી શકશે.

'વિલ હેઠળ ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ' ના સંદર્ભમાં આવકવેરાના સામાન્ય દરોએ આકારણીનો લાભ મળી શકે, તે હેતુસર એ ખ્યાલમાં રાખવું જોઈએ કે આવા ટ્રસ્ટ દ્વારા કોઈ ધંધાકીય આવક મેળવવામાં ન આવે. આનું કારણ એ છે કે આવકવેરાના કાયદા હેઠળ પ્રાઈવેટ ટ્રસ્ટને ધંધાની કોઈ પણ આવક ઉદ્ભવે, તો આવા કેસમાં આવા ટ્રસ્ટની સંપૂર્ણ આવક (ધંધાકીય તેમજ બિન-ધંધાકીય) ઉપર આવક-વેરાનો ૩૦%(સરચાર્જ હોય તો તે ઉમેરીને) નો મહત્તમ દર લાગુ પડશે. તેથી આવા ટ્રસ્ટના કેસમાં ભાડાની આવક, બાજ, ડિવિડન્ડ કે મૂડી-નફા જેવી બિન-ધંધાકીય આવકનું આયોજન કરવું જોઈએ.

**તમારા રોકાણોના સંદર્ભમાં આટલું જરૂર ધ્યાનમાં રહે !**

વ્યક્તિના અવસાન બાદ તેની મિલકત તેમજ રોકાણો તેના વસિયતનામા અનુસાર તેણે કરેલી જોગવાઈઓ મુજબ તેના વારસદારો ને મળે છે. જો વસિયતનામું ન હોય તો, વ્યક્તિને લાગુ પડતા 'લો ઓફ ઈન્ટેસ્ટેટ સક્સેશન મુજબ તેની મિલકતની વહેંચણી કરવાની રહે. આ સંદર્ભમાં વ્યક્તિએ જો નીચે જણાવેલી બાબતોનો ખ્યાલ અને કાળજી ન રાખ્યાં હોય, તો તેના વારસદારોને તેની મિલકતો કે રોકાણો નો લાભ મેળવતાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છેઃ

(૧) તમામ બેન્ક એકાઉન્ટ, ફિક્સ્ડ ડીપોઝિટ, શેર, ડિબેન્ચર વગેરેનાં રોકાણો તમારાં પત્ની, પુત્ર-પુત્રી કે નજીકના સંબંધી સાથે સંયુક્ત (Joint) નામે રાખવાની ખાસ તકેદારી લેશો. એમાનું કોઈ પણ રોકાણ તમારા એકલાના (Single) નામે હોય તો તમારા અવસાન સમયે તમારા વારસદારોને આવું રોકાણ તેમના નામે કરાવતાં કે તેનો ઉપયોગ કરવા માટે સિવિલ કોર્ટ પાસેથી 'પ્રોબેટ' કે 'સક્સેશન સર્ટિફિકેટ' મેળવવાનું રહે, જેની વિધિ સારો એવો ખર્ચ તેમજ સમય માગી લે તેવી હોય છે.

(૨) તમારી જીવન વીમા પોલિસી, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ અકાઉન્ટ વગેરે અન્ય રોકાણો, જેને સંયુક્ત નામે રાખવાની સુવિધા નથી, તેવાં રોકાણોના સંદર્ભમાં 'નોમિનેશન' કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. આવું 'નોમિનેશન' તમારા કોઈ પણ વારસદારની તરફેણમાં કરી શકાય. એ ખ્યાલમાં રાખવું જરૂરી છે કે 'નોમિની' (અર્થાત્ જેની તરફેણમાં આવું નોમિનેશન કરવામાં આવ્યું હોય તે વ્યક્તિ), તમારા અવસાન બાદ આવી મિલકત કે રોકાણની રકમ પ્રાપ્ત કરવાને હકદાર બને છે, પરંતુ તેનો આપોઆપ માલિક બનતો નથી. આવી મિલકત કે રોકાણનો માલિકી હક તો તમારા વસિયતનામામાં ઠરાવ્યા મુજબ અથવા વારસાગત હિત મેળવનાર સંબધિત વ્યક્તિ કે વ્યક્તિઓનો જ રહે છે. 'નોમિનેશન' ની યોગ્ય વ્યવસ્થા કરવામાં ન આવી હોય તો ઉપર જણાવ્યા મુજબની સમસ્યાનો સામનો કરવાનો રહે.

## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૭-૦૫-૨૦૨૬ ના રોજ જામનગર મહાનગરપાલિકાના નવ નિયુક્ત કમિશ્નરશ્રી દિપેશ કેડીયા (IAS) નો સન્માન સમારંભ



## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ઈન્કમ ટેક્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે પ્રારંભ ૨૦૨૬ અંતર્ગત તા. ૨૯-૦૫-૨૦૨૬ ના રોજ નવા ઈન્કમ ટેક્સ એક્ટ ૨૦૨૫ અંગે યોજાયેલ આઉટરીચ કાર્યક્રમ



# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૧૫-૦૬- ૨૦૨૬ ના રોજ યોજવામાં આવેલ વિકસિત ભારત સંકલ્પ સંમેલન



## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા નેશનલ પ્રોડક્ટીવીટી કાઉન્સીલ ના સંયુક્ત ઉપક્રમે RAMP પ્રોજેક્ટ હેઠળ MSMEs માટે Industry 4.0 અંગે તા. ૦૩-૦૬-૨૦૨૬ના રોજ યોજાયેલ માર્ગદર્શક સેમિનાર




## જામનગર ચેમ્બર ના પ્રતિનિધિમંડળે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અપિલેટ ટ્રિબ્યુનલ (GSTAT) રાજકોટ બેંચની તા. ૧-૭-૨૦૨૬ ના રોજ લીધેલ મુલાકાત-જામનગર તથા સૌરાષ્ટ્ર-કચ્છના કરદાતાઓના હિતમાં મહત્ત્વપૂર્ણ ચર્ચા



લેતા જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ના હોદ્દેદારો દ્વારા તા. ૧૨-૦૭-૨૦૨૬ ના રોજ જામનગર ની મુલાકાતે પધારેલા માન. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ની શુભેચ્છા મુલાકાત.



જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ના હોદ્દેદારો દ્વારા તા. ૩૦-૦૭-૨૦૨૬ ના રોજ ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઇ - જામનગરના ઉદ્યોગ વેપાર ક્ષેત્રના વિવિધ પ્રશ્નો અને વિકાસલક્ષી રજૂઆતો અંગે હકારાત્મક ચર્ચા.



MINISTRY OF COMMERCE & INDUSTRY
Government of India

Indian engineering

ORGANISED BY
EEPC INDIA
ENGINEERING THE FUTURE

3RD EDITION

# SUBCONTRACT INDIA 2026

A step to increase India's
Sub contract export share in global trade.

17 - 18 - 19
DECEMBER 2026

AUTO CLUSTER
EXHIBITION AREA, PUNE

10:00 AM - 6:00 PM

## ABOUT THE EXHIBITION

Subcontract India Expo is a premier B2B engineering and manufacturing trade fair held in Pune, Maharashtra. It connects Indian subcontracting companies with domestic and international buyers across automotive, electrical, machinery, oil & gas, and industrial sectors. The event promotes sourcing partnerships, technology transfer, vendor development and export opportunities.

## SUBCONTRACT INDIA 2025

+5000 Trade Visitors
+15 Vendor Development Programmes
100+ Sector Specific Exhibitors

## KEY FEATURES

- Focused Engineering Platform
- B2B Buyer–Seller Meet
- Overseas Buyer Participation
- Vendor Development
- Industry Sourcing
- Live Product & Technology Display
- Knowledge & Networking Sessions

subcontractindia.org

## INDUSTRY SECTORS

- Industrial Supplies & Services
- Auto Components
- Electricals
- Oil & Gas
- Construction & Mining
- Industrial Machinery

BOOK YOUR SPACE
NOW!

- ✓ Standard Shell Scheme
- ✓ Premium Shell Scheme
- ✓ Bare Space

SCAN TO REGISTER

subcontractindia.org

## CONTACT US

Mukesh Gulab Samtani
msamtani@eepcindia.net | +91 98207 52827

Anil Singh Rawat
arawat@eepcindia.net | +91 98208 86788

ALKON

# Smart storage systems for all...
# Organize - Protect - Improve Efficiency
































## Sterling Agencies

JK Complex, Limda Lane, Nr Church, Jamnagar-361001; email: sajamnagar@gmail.com

Water is Life
Save Water




EMAIL : care@cropino.com WEBSITE : www.cropino.com TOLL FREE : 1800 270 9941

FIND US ON : | AVAILABLE ON : Flipkart

# JDC Bank

## The Jamnagar District Co-Operative Bank Ltd

PROUDLY® CO-OPERATIVE

Co-operatives Build a Better World

# STRONG ROOTS. STRONG VALUES. STRONGER FUTURE.

Your trusted partner in progress, empowering individuals, businesses and communities since 1959.




NEW HEAD OFFICE
Jamnagar

## FIXED DEPOSIT RATES

| Sr. No. | Duration | General Public | Senior Citizen |
|---|---|---|---|
| 1 | 30 DAYS TO 90 DAYS | 3.75% | 4.25% |
| 2 | 91 DAYS TO 179 DAYS | 4.50% | 5.00% |
| 3 | 180 DAYS TO 366 DAYS | 5.75% | 6.25% |
| 4 | 367 DAYS TO 430 DAYS | 7.25% | 7.75% |
| 5 | 431 DAYS TO 730 DAYS | 6.50% | 7.00% |
| 6 | 731 DAYS TO 1825 DAYS | 6.75% | 7.25% |

## SPECIAL BENEFITS

**Senior Citizens:** Additional **0.50%** p.a. interest on all eligible Fixed Deposits.

**Public Trusts & Institutions:** Additional **0.25%** p.a. interest on all eligible Fixed Deposits.

- Additional **0.25%** p.a. benefit for Trusts & Institutions is applicable only on Fixed Deposits of **₹1 Crore and above.**

(This benefit is applicable only on deposits of ₹1 Crore and above.)

## GO DIGITAL. GO SEAMLESS.

MERCHANT QR CODE

UPI — UNIFIED PAYMENTS INTERFACE
PAY EASY. PAY SECURE. PAY INSTANT.

JDC Bank
MOBILE BANKING
Banking Anytime, Anywhere.

## SARAL CASH CREDIT (CC LOAN)



Financial Inclusion for Retail Customers, Small Businesses & Farmers

CREDIT FACILITY UP TO ₹1 LAKH*

NO COLLATERAL REQUIRED*

- Designed for Retail Customers
- Supports Small Traders & Shopkeepers
- Helps Meet Agricultural & Farming Needs
- Quick Processing & Easy Access to Credit
- Flexible Working Capital for Daily Business
- Simple Documentation & Hassle-Free Sanction

*Terms & Conditions Apply

## COMPLETE BANKING SOLUTIONS UNDER ONE ROOF

- **SAVINGS ACCOUNT** — Secure your savings, shape your future.
- **CURRENT ACCOUNT** — Smart banking for your business.
- **OD FACILITIES** — Flexible overdraft solutions for your growing needs.
- **LOCKER FACILITIES** — Your valuables, our responsibility.
- **RUPAY DEBIT CARD** — Shop. Swipe. Spend with confidence.
- **ATM NETWORK (BIG ATMs)** — Easy access. Better experience.
- **SMS BANKING** — Instant updates. Always informed.
- **MISSED CALL BANKING** — Give a missed call, get account info.
- **ALL AGRI LOANS** — Empowering farmers. Enriching lives.
- **ALL NON-AGRI LOANS** — Supporting businesses. Fueling growth.
- **BHARAT BILLPAY — BHARAT BILL PAYMENT SYSTEM** — Pay all your bills at one place.
- **GENERAL INSURANCE** — Protection today. Peace of mind always.
- **LIFE INSURANCE** — Secure your family's tomorrow.
- **WEALTH MANAGEMENT** — Plan well. Invest smart. Grow your wealth.

67+ YEARS OF TRUST & SERVICE

## 40 BRANCHES

ACROSS JAMNAGAR, DEVBHOOMI DWARKA & MORBI DISTRICTS

Strong Network. Stronger Together. Committed to Your Growth.

RTGS · NEFT · NACH · POWERING EVERY TRANSACTION — FAST • SECURE • RELIABLE · IMPS · PFMS · E-COMMERCE

Website: https://jamnagardccb.bank.in


1ST TIME IN JAMNAGAR
જોવાનાં ક્યાં પૈસા લાગે?
Visit Sample Office
@ BUSINESS BAY
@ Nr. Samarpan Circle
890 890 6333 | 972 218 0262


SAMPLE VILLA READY
GREENPINE
VILLA 3
VILLA છે કે વાતું ?
VISIT કરો અને નક્કી કરો.
NR. NAGHEDI PATIYA,
RELIANCE ROAD.
81281 45565 | 97221 80262

nolexa®
Integrate to Elevate

# 25+ Years of Growth. One Vision. Endless Possibilities.

**A diversified business group operating across India and Australia, creating value through enterprise and impact through purpose.**



**EXPORT IMPORT**
Import of Brass Scrap, Export of precision metal components.



**WORKWEAR**
Safety workwear solutions for construction, mining and logistics.



**HOSPITALITY**
Premium café and hospitality experiences.



**RETAIL**
Retail presence across Queensland & Western Australia.



**VENTURE CAPITAL**
Funding businesses and growing property assets.



**REAL ESTATE**
A steadily growing real estate reflecting Nolexa's long term vision.

10+ Locations | 2 Countries | **Nolexa Group's Social Initiative** PURPOSE BEYOND BUSINESS | 6+ Verticals | 25+ Years Of Excellence

SETU
SHARE N CARE

Founded in 2015 in memory of their father, Setu was established by the founding families of Nolexa, Guided by a spirit of selfless service, it supports underprivileged communities across Jamnagar without accepting donations.









www.nolexagroup.com info@nolexagroup.com

India - A-6 Shankar Tekri, Udyognagar, Jamnagar, Gujarat 361004 - India
Australia - 136 Panorama Drive, Rosemount QLD 4560 - Australia

"આપનો સહકાર અમારી સેવા"

આપણી બેંક નવાનગર બેંક

# THE NAWANAGAR CO-OPERATIVE BANK LTD. - JAMNAGAR

"Trusted Banking Partner"

PROUDLY CO-OPERATIVE



**Home Loans**
0.5% Rebate*



**Rooftop Solar & Windmill Loan**



**Car Loans at Lowest Rates**



**Machinery Term Loan**
0.5% Rebate*

Attractive Rates Of
**FIXED DEPOSITS**

**MSME LOAN HUB**

**All Digital Banking Services are FREE to use**

- 24 x 7 x 365 NEFT/IMPS Transfers
- Utility Bill Payments via BBPS
- Email Statements available
- 24 x 7 ATM Facility at branches
- QR Code Kit Available
- UPI for Quick & Easy Payments
- Speedy Loan Process
- Free RuPay Debit Cards
- Tap & Pay at any POS Terminals
- Easy ATM Card Pin generation

Download our Mobile Banking App
'Nawanagar Bank Mobile Banking'

Available on
GET IT ON Google Play
Download on the App Store

Want to know your account Balance ?
Give a Missed Call on
**70690 70900**

For more details, contact your nearest Nawanagar Bank Branch or Visit 'www.nawanagarbank.co.in

Shri Ashokbhai T. Jobanputra
Chairman

Shri Munishbhai J. Mehta
Vice Chairman

# ધી કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લિ. જામનગર

## સારી ગ્રાહક સેવા - એજ અમારુ ધ્યેય

THE COMMERCIAL CO-OPERATIVE BANK LTD. JAMNAGAR
ESTD. 1971

PROUDLY CO OPERATIVE

0% Net NPA

## અમારી ડીજીટલ સુવિધાઓ

- NET Banking — ઈન્ટરનેટ બેંકિંગ view only
- UPI
- મોબાઈલ બેંકિંગ
- Rupay + ATM કાર્ડ
- E-TAX Payment
- IMPS 24X7
- SMS એલર્ટ
- NACH
- QR કોડ
- મિસ્ડ કોલ બેલેન્સ

## ૩૧-૦૩-૨૦૨૬ ના રોજ થી ડીપોઝીટ પરના વ્યાજ દર

| વિગત | વ્યાજ દરો (%) (વાર્ષિક) | વ્યાજ દરો (%) સીનીયર સીટીઝન |
| --- | --- | --- |
| ૩૦ થી ૯૦ દિવસ | ૩.૫૦ % | ૩.૫૦ % |
| ૯૧ થી ૧૭૯ દિવસ | ૪.૦૦ % | ૪.૦૦ % |
| ૧૮૦ થી ૩૬૪ દિવસ | ૫.૨૫% | ૫.૨૫% |
| ૧ વર્ષ થી ૧૦ વર્ષ | ૬.૫૦% | ૭.૦૦% |
| સેવિંગ બેંક | ૩.૫૦% | ૩.૫૦% |

## અમારી મુખ્ય સુવિધાઓ

- NEFT/ RTGS સુવિધા
- DD / પે - ઓર્ડર
- ફિક્સ્ડ ડીપોઝીટ
- આકર્ષક દરે લોકર સુવિધા
- રીકરીંગ ડીપોઝીટ
- ઓનલાઈન સ્ટેટમેન્ટ
- ૧૦૦% કોર બેંકિંગ
- CTS Continuous Clearing

## લોન વ્યાજ દર

| | |
| --- | --- |
| હાઈપોથીકેશન | ૮.૫૦% થી ૯% |
| કાર લોન | ૮.૨૫% થી ૯% |
| હાઉસિંગ લોન | ૮.૦૦% |
| સિક્યોરડ ઓવરડ્રાફ્ટ | ૯.૦૦% થી ૯.૨૫% |
| મશીનરી લોન | ૯.૦૦% |

## અમારી શાખાઓ

1 **ગ્રેઈન માર્કેટ શાખા :**
બારદાનવાલા રોડ, ગ્રેઈન માર્કેટ જામનગર - ૩૬૧૦૦૧
ફોન : ૦૨૮૮ - ૨૫૧૦૫૦૨ Email: jam@cocobankjamnagar.bank.in

2 **પટેલ કોલોની શાખા :**
૬-પટેલ કોલોની, જામનગર - ૩૬૧૦૦૮
ફોન : ૦૨૮૮ - ૨૭૫૪૪૮૧ Email: pc@cocobankjamnagar.bank.in

3 **જામ ખંભાળિયા શાખા :**
૧ લા માળે, તેજલ રાજડા શોપિંગ સેંટર, ડિસ્ટ. દેવભૂમિ દ્વારકા - ૩૬૧૩૦૫
ફોન : ૦૨૮૮-૨૩૨૬૬૫ Email: jk@cocobankjamnagar.bank.in

4 **હાપા (માર્કેટ યાર્ડ) શાખા :**
માર્કેટિંગ યાર્ડ, હાપા ,જામનગર - ૩૬૧૧૨૦
ફોન : ૦૨૮૮-૨૫૭૦૨૦૦ Email: hp@cocobankjamnagar.bank.in

5 **કાલાવડ (શિતલા) શાખા :**
સિનેમા રોડ, કાલાવડ (શિતલા) - ૩૬૧૧૬૦
ફોન : ૦૨૮૯૪-૨૨૨૬૧૦ Email: kl@cocobankjamnagar.bank.in

6 **ઉદ્યોગ નગર શાખા :**
કે-૧/૨૦૭, શંકર ટેકરી,જામનગર - ૩૬૧૦૦૪
ફોન : ૦૨૮૮-૨૫૬૧૮૮૦ Email: st@cocobankjamnagar.bank.in

7 **ખોડિયાર કોલોની શાખા :**
અક્ષર સ્કવેર, રાજ ચેમ્બર્સ ની બાજુમાં, જામનગર - ૩૬૧૦૦૬
ફોન : ૦૨૮૮-૨૭૧૧૫૦૪ Email: kc@cocobankjamnagar.bank.in

8 **દરેડ ( જીઆઈડીસી ) શાખા :**
૧૪-૧૭ સિલ્વર પોઇન્ટ, શિવ ઓમ સર્કલ,ફેઝ-૩ , જામનગર - ૩૬૧૦૦૪
ફોન : ૦૨૮૮-૨૭૩૦૫૧૬ Email: dr@cocobankjamnagar.bank.in

## RuPay ATM ડેબિટ કાર્ડ




## QR કોડ દ્વારા ચુકવણી

The Commercial Co-Op. Bank Ltd. Jamnagar

G Pay PhonePe Paytm UPI

: રજીસ્ટર્ડ / એડમીનીસ્ટ્રેટીવ ઓફીસ :
૬ ઠ્ઠે માળે, અંજારિયા ચેમ્બર્સ, કાશી વિશ્વનાથ રોડ,
જામનગર - ૩૬૧૦૦૧.
ફોન : ૦૨૮૮ - ૨૫૧૦૫૦૦-૫૦૧, ૦૨૮૮ ૨૫૫૦ ૨૯૦
Email: adm@cocobankjamnagar.bank.in
Web: https://cocobankjamnagar.bank.in

Designed by : EDP Dept.

# આઈટીઆર ફોર્મ મળે એટલે તરત રિટર્ન ભરવું જોઈએ ?

આવકવેરા વિભાગે આઈટીઆર-૧ તથા આરઈટીઆર - ૪ રજૂ કર્યા છે અને હવે આકારણી વર્ષ ૨૦૨૬-૨૭ ના આવકવેરાના રિટર્ન ભરવાની સિઝન ચાલુ થઇ છે. ઘણા પગારદાર કરદાતાઓએ તેમના રિટર્ન ફાઇલ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે જેથી છેલ્લી મિનીટની દોડાદોડીથી બચી શકાય અને ઝડપી રિફંડ મળી શકે. જોકે, આ બાબત ઘણી અગત્યની છે અને તેના ઉપર ધ્યાન આપવું જરૂરી છે.

પરંતુ અહીં એક બાબત જાણવી જરૂરી છે કે આવકવેરાના ફોર્મ ઉપલબ્ધ બને એટલે તાત્કાલિક આઈટીઆર ભરવું જોઇએ કે નહીં તેનો જવાબ સ્પષ્ટપણે 'ના' છે. પાછલાં કેટલાંક વર્ષોથી આવકવેરાના રિટર્ન ફાઇલ કરવામાં ઘણી બધી વિગતો અને ડેટાની જરૂર પડે છે. આજકાલ આવકવેરાનું રિટર્ન ફક્ત રિટર્ન જ નથી પરંતુ તેની સાથે એમ્પ્લોયર, બેંકો, નાણાં સંસ્થાઓ, રજિસ્ટ્રાર્સ, મ્યુચ્યુઅલ ફંડો, બ્રોકર્સ અને વિવિધ હસ્તીઓ ટીડીએસ સ્ટેટમેન્ટ અને એસએફટી રિપોર્ટિંગ મારફત સંકળાયેલા હોય છે. આ કારણોસર ઘણું વહેલું રિટર્ન ફાઇલ કરવામાં આવે તો કેટલીક ગુંચવણો ઊભી થઇ શકે.

આઈટીઆરના ફોર્મ મળે એટલે કરવેરાના ડેટા આવી ગયા એવું નથી.

ઘણા કરદાતાઓને એવું લાગે છે આવકવેરાના ફોર્મ ઉપલબ્ધ બની ગયા એટલે આવકવેરા વિભાગ પાસે તમામ માહિતી આવી ગઇ એમ સમજવું જોઇએ નહીં. તેમની પાસે એન્યુઅલ ઇનફોર્મેશન સ્ટેટમેન્ટ(એઆઇએસ), ફોર્મ ૨૬એએસ, અને પ્રિફિલ્ડ આઈટીઆર ડેટા ઉપલબ્ધ હોય નહીં તેવું પણ બને.

ફાઈલિંગ સિઝનની શરૂઆતમાં ૨૦૨૫-૨૬ના છેલ્લા ત્રિમાસિકની અને આકારણી વર્ષ ૨૦૨૬-૨૭ ની કેટલીક વિગતો બાકી હોય તો એઆઇએસ ફોર્મ ૨૬એએસ, અને પ્રિફિલ્ડ રિટર્ન ડેટા સંપૂર્ણ નાણાકીય વિગત આપી શકે નહીં તેવું પણ બની શકે.

તેથી જે પગારદાર લોકોની વ્યાજની આવક, ભાડાની આવક, કેપિટલ ગેઇન્સ, ડિવિડંડની આવક, અથવા પ્રોફેશનલ આવક હોય અને તે તમામ આવક કરપાત્રહોય તેમને રિટર્ન ભરવાની ઉતાવળ કરવી જોઇએ નહીં. આવકવેરાના ફોર્મ રજૂ થાય એટલે ઉતાવળે રિટર્ન ભરી દેવાથી ઘણીવાર કોઇ આવક દર્શાવવાનું બાકી રહી જાય અથવા કોઇ વિગતનું મેચિંગ થતું ન હોય કે કરવેરાની ક્રેડિટ મળી હોય તે દર્શાવવાનું રહી જાય તેવું બની શકે.

કરદાતા કેટલીક વાર એક સૌથી વધુ અગત્યની બાબત ભૂલી જતાં હોય છે કે આઈટીઆરના ફોર્મ જાહેર થાય તે પછી પણ આઈટીઆર ભરવાની પ્રક્રિયા ચાલતી રહેતી હોય છે.

(૧) પગારના ટીડીએસનું રિપોર્ટિંગ હજી બાકી હોય

નોકરિયાત લોકોએ ૨૦૨૬ ના માર્ચ ત્રિમાસિકનું ટીડીએસ સ્ટેટમેન્ટ ફોર્મ ૨૪ ક્યુ દ્વારા ૨૦૨૬ના ૩૧ મે સુધીમાં ભરી દેવું પડે. જ્યાં સુધી આ સ્ટેટમેન્ટ ફાઇલ ન થાય તેમ જ તેનું પ્રોસેસિંગ ન થાય ત્યાં સુધી એઆઇએસમાં પગારની વિગતનો સંપૂર્ણપણે સમાવેશ થતો નથી. તેમ જ ટીડીએસની ક્રેડિટ ઉપલબ્ધ બનતી નથી. ફોર્મ ૨૬એએસ અધુરૂં રહે છે. પ્રિફીલ્ડ રિટર્ન ડેટામાં ફાઇનલ આંકડાઓ ઉપલબ્ધ બનતા નથી. ઘણા એમ્પલોયર આઈટીઆરની અંતિમ તારીખ પહેલા આ બધી વિગતો આપતા હોય છે તેથી જે નોકરિયાતો ઘણું વહેલું રિટર્ન ભરતા હોય તેઓ તેમના પગાર અને ટીડીએસની ચોક્કસ માહિતી આપી શકે નહીં તેવું બની શકે.

(૨) નોન સેલેરી ટીડીએસ ડેટા અપૂર્ણ રહે છે

નોન સેલેરી આવક માટે પણ આ બાબત લાગુ પડે છે. બેંકો તથા અન્ય લોકો ફોર્મ ૨૬ ક્યુ મારફત ટીડીએસનું રિપોર્ટિંગ કરતા હોય તેમણે માર્ચ ૨૦૨૬ના ત્રિમાસિકનું સ્ટેટમેન્ટ ૩૧ મે ૨૦૨૬ પહેલા ફાઇલ કરવાનું હોય છે. જ્યાં સુધી આ પ્રકારનું ફાઇલિંગ ન થાય ત્યાં સુધી અન્ય કરપાત્ર આવક તથા સંબંધિત ટીડીએસની આવક યોગ્ય રીતે રજૂ થતી નથી.

તેથી કરવેરા દાતાએ જ્યારે તેનું રિટર્ન ફાઇલ કર્યું હોય ત્યારે આવકવેરા વિભાગ પાસે રહેલી માહિતી સાથે તે સુસંગતતા ન હોય તેવું બની શકે. કારણ કે તે સમય ટીડીએસ સ્ટેટમેન્ટ ઉપર આધારિત ફોર્મ ૨૬એએસ હજી રજૂ થયું ન હોય.

ટીડીએસ રિપોર્ટિંગ પ્રોસેસ સંપૂર્ણ થાય ત્યાર બાદ જ ફોર્મ ૧૬ અને ફોર્મ ૧૬એ ઇસ્યુ થઇ શકે.

કલમ ૩૧ અંતર્ગત, એમ્પલોયરે ૧૫ જૂન ૨૦૨૬ પહેલા ફોર્મ ૧૬ ઇસ્યુ કરવાનું હોય છે. તેવી જ રીતે નોન સેલેરી ટીડીએસ ડિડક્ટરે ૨૦૨૫-૨૬ ના છેલ્લા ત્રિમાસિકમાં જે ટીડીએસ બાદ કર્યો હોય તેના સંદર્ભનું સર્ટિફીકેટ ફોર્મ ૧૬એ મારફત જૂનના મધ્યભાગ સુધીમાં રજૂ કરવું પડે.

કરદાતાના રિટર્નના રિકન્સીલેશન અને વેરીફીકેશન માટે આવકના આંકડાઓ, ટીડીએસ ક્રેડિટ્સ, ટેક્ષ ડિડક્શન, એઆઇએસ

એન્ટ્રીઝ અને ફોર્મ ૨૬એએસ ડેટા જરૂરી છે. આ તમામ બાબતોના ડોક્યુમેન્ટ રજૂ થાય તે પહેલા રિટર્ન ભરી દેવાથી રિટર્નનું મિસમેચિંગ થાય છે.

કલમ ૨૮૫ બીએ અંતર્ગત ટીડીએસ રિપોર્ટિંગ ઉપરાંત એઆઇએસમાં રહેલી માહિતી સ્ટેટમેન્ટ ઓફ ફાઇનાન્સિયલ ટ્રાન્ઝેક્શન્સ (એસએફટી) મારફત ભરવાની હોય છે. નક્કી કરેલી કંપનીઓએ ૩૧ મે ૨૦૨૬ પહેલા નક્કી કરેલા હાઇવેલ્યુ ટ્રાન્ઝેક્શનને સ્ટેટમેન્ટ ઓફ ફાઇનાન્સિયલ ટ્રાન્ઝેક્શન્સ મારફત ફાઇલ કરવાના હોય છે. હાઇ વેલ્યુ સ્પેસીફાઇ ટ્રાન્ઝેક્શન્સમાં મ્યુચ્યુઅલ ફંડ ઇન્વેસ્ટમેન્ટ, સિક્યોરીટીઝ ટ્રાન્ઝેક્શન્સ, પ્રોપર્ટી ટ્રાન્ઝેક્શન્સ, ક્રેડિટ કાર્ડ પેમેન્ટ્સ, લાર્જ કેશ ડિપોઝિટ્સ અને ફિક્સ ડિપોઝીટ્સ, બેંકોના મોટા ટ્રાન્ઝેક્શન્સ, વ્યાજની આવક અને કેપિટલ ગેઇન્સ ટ્રાન્ઝેક્શન્સનો સમાવેશ થાય છે. જ્યાં સુધી આ બધાં ફાઇલિંગનું પ્રોસેસિંગ ન થાય ત્યાં સુધી એઆઇએસમાં કરદાતાની સંપૂર્ણ કરપાત્ર ગતિવિધિઓનો અંદાજ આવી શકે નહીં. અત્યારના ડિજિટલ સમયમાં આ બધી બાબતોનો ઝડપથી ખ્યાલ આવી જતો હોય છે. હાલમાં મોટા ભાગના કરદાતાઓ તેમનું રિટર્ન વહેલું ભરી દેવાનું વલણ રાખતા હોય છે. રિટર્ન અધૂરૂં હોય કે તેનું મિસમેચિંગ થતું હોય તો કેટલીક વાર મોટું જોખમ ઊભું થતું હોય છે. આ સંજોગોમાં મિસમેચ નોટિસ આવી શકે. ટીડીએસની ક્રેડિટ મળી શકે નહીં, રિફંડમાં વિલંબ થાય, કરવેરાની માગ થાય, રેક્ટીફિકેશનની પ્રક્રિયા થાય અથવા રિવાઇઝડ રિટર્ન ભરવું પડે.

ઘણા કેસમાં કરદાતાઓ તેમનું રિટર્ન વહેલું ભરી દે ત્યારબાદ તેમાં સુધારાવધારા કરવામાં એટલો સમય જાય કે તેના કરતા તેની બધી વિગત આવી ગયા બાદ રિટર્ન ભર્યું હોય તે વધુ સારૂં પડે. આમ છતાં તેનો અર્થ એમ નથી કે કરદાતાએ રિટર્ન મોડું ફાઇલ કરવું જોઇએ. રિટર્ન મોડું ફાઇલ કરવું જોઇએ. રિટર્ન મોડું ફાઇલ કરવાથી કેટલાક ફાયદાઓ મળી શકતા નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં કરવેરાની સિસ્ટમમાં પરિવર્તન આવ્યું છે. અગાઉ કોઇપણ કરદાતા તેમની પાસે રહેલી માહિતી જાહેર કરીને રિટર્ન ભરી શકતા હતા. હાલમાં થર્ડ પાર્ટી રિપોર્ટિંગ અને સિસ્ટમ ઉપર આધારિત વેરીફીકેશન વધતું જાય છે તેથી રિટર્નના ફાઇલિંગ માટે કેટલીક બાબતોનું રિકન્સીલેશન જરૂરી છે તેમાં એઆઇએસ, ફોર્મ ૨૬એએસ, ફોર્મ ૧૬, ફોર્મ ૧૬એ અને પ્રિફિલ્ડ આઇટીઆર ડેટાનો સમાવેશ થાય છે.

અત્યારના સંજોગોમાં કોઇપણ કરદાતાઓએ રિટર્ન વહેલું ફાઇલ કરવા માટેની રેસમાં જોડાવું જોઇએ નહીં.

મોટાભાગના પગારદાર કરદાતાઓ, કે જે વિવિધ સ્રોતમાંથી આવક મેળવતા હોય તેમણે તમામ માહિતી ઉપલબ્ધ બને ત્યારબાદ રિટર્ન ભરવું જોઇએ. પગારદાર કરદાતાઓએ ટીડીએસ સ્ટેટમેન્ટ ફાઇલ થાય. ફોર્મ ૧૬ અને ફોર્મ ૧૬એ ઇસ્યુ થાય, એઆઇએસ બરોબર અપડેટ થાય, ફોર્મ ૨૬એએસ ફાઇનલ ટીડીએસ ક્રેડિટમાં રજૂ થાય અને અગાઉની વિસંગતિઓમાં સુધારો થાય ત્યાર બાદ રિટર્ન ભરવું જોઇએ.

મોટા ભાગના કેસમાં ટીડીએસ સ્ટેટમેન્ટનું પ્રોસેસિંગ થાય અને કરેક્શનનું ફાઇલિંગ થાય ત્યારબાદ જૂન અને જુલાઇમાં વધુ વિશ્વાસ સાથે રિટર્ન ફાઇલ થઇ શકે.

### કરદાતાઓએ શું કરવું જોઇએ ?

આઇટીઆરના ફોર્મ જાહેર થાય એટલે રિટર્ન ફાઇલ કરવાની સિઝન ચાલુ થાય. આમ છતાં તેનો અર્થ એમ નથી કે રિટર્ન તાત્કાલિક ફાઇલ કરી નાખવું. કરદાતાઓએ સમજવું જોઇએ કે ઝડપથી રિટર્ન ફાઇલ કરી દેવું અગત્યનું નથી પરંતુ તેને ચોકસાઇપૂર્વક અને સંરક્ષણાત્મક પદ્ધતિઓથી રિટર્ન ફાઇલ કરવું જોઇએ.

પાછલા કેટલાક સમયથી આવકવેરા વિભાગ વધુને વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરીને રિટર્ન વેરીફીકેશન કરે છે, ત્યારે એઆઇએસનું રિકન્સીલેશન અને ડેટાની ચોક્કસાઇ ઝડપથી ફાઇલિંગ કરવા કરતા વધુ જરૂરી છે. કોઇપણ કરદાતા સંપૂર્ણ રિપોર્ટિંગ અને યોગ્ય રિકન્સીલેશન પછી રિટર્ન ફાઇલ કરે તે જરૂરી અને ડહાપણ ભરેલું છે. ઝડપથી રિટર્ન ફાઇલ કરવા કરતા સાચી રીતે અને ચોક્કસાઇથી રિટર્ન ભરવું તે વધુ અગત્યનું છે.

**NRIને બક્ષિસ કે લોનની રકમ ભારતમાં પણ આપવામાં આવે તેને LRSના રેમિટન્સ સ્વરૂપ ગણવામાં આવશે!**

# LRS ની સુવિધાનો મહત્તમ લાભ કેવી રીતે લઈ શકાય ?

**Liberalised Remittance Scheme ને હેઠળ ભારતીય રહીશને પ્રતિવર્ષ અઢી લાખ ડોલરની સુવિધા**

Transactions Liberalised Remittance Scheme તરીકે જાહેર કરાયેલી યોજના અન્વયે ભારતમાં રહીશ હોય તેવી કોઈપણ વ્યક્તિ (સગીર સહિત) નાણાકીય વર્ષ (અર્થાત્ એપ્રિલથી માર્ચ) દરમિયાન કોઇ પણ માન્ય Current તેમજ Capital Account હેતુસર નિયત કરાયેલ US ડોલર ૨,૫૦,૦૦૦ ની મર્યાદામાં US ડોલરનું વિદેશી હૂંડિયામણ મેળવી શકશે. LRS ની સુવિધાનો લાભ HUF, LLP, AOP, BOI, ભાગીદારી પેઢી, ટ્રસ્ટ, સોસાયટી કે કંપની વગેરેના કેસમાં મળી શકશે નહીં.

આમ, આ યોજના અન્વયે ભારતીય રહીશ વિદેશમાં પોતાના નામે બેન્ક એકાઉન્ટ ખોલાવવા, ડિપોઝીટ કરવા, શેર-સિક્યુરીટીઝ કે અન્ય જંગમ રોકાણ રેમિટન્સ કરી શકશે. આવા રેમિટન્સ દ્વારા ભારત બહાર કરવામાં આવેલા રોકાણો તેમ જ તેના ઉપર મળેલી આવક તેમજ નફાની રકમ અથવા રોકાણમાં વૃદ્ધિ કોઈપણ નિયંત્રણ સિવાય ભારત બહાર રાખી શકાશે તેવી સ્પષ્ટતા કરવામાં આવી.

આ ઉપરાંત, નિયત કરાયેલ મર્યાદામાં ઉપરોક્ત US ડોલરની રેમિટન્સ લિમિટનો ઉપયોગ, જો વ્યક્તિ ચાહે તો, ભારત બહારના તેના કોઈપણ સગા કે મિત્ર પણ બક્ષિસના હેતુસર અથવા કોઈપણ જાહેરધર્માદા, ધાર્મિક, શૈક્ષણિક કે સાંસ્કૃતિક સંગઠન, સંસ્થા, ટ્રસ્ટ વગેરેને દાન આપવાના હેતુસર પણ કરી શકાશે. આ જોગવાઇનો લાભ લઇને હવે કોઇ પણ ભારતીય રહીશ તેના વિદેશમાંના સગા કે મિત્રને આર્થિક સહાય કરવાના હેતુસર પ્રતિવર્ષ નિયત કરાયેલ મર્યાદામાં રેમિટન્સ કરી શકાશે.

એક કુટુંબમાં ચાર પુખ્ત ઉંમરની વ્યક્તિઓ હોય, તો તેઓ સૌ સાથે મળીને એક જ ધડાકે US ડોલર ૧૦ લાખના રેમિટન્સનું આયોજન પણ કરી શકે. આ હેતુસર RBIની અનુમતિ સિવાય પણ આ કાર્યવાહી વ્યક્તિ પોતાની બેન્ક સાથે સીધી રીતે હાથ ધરી શકે છે.

વિદેશમાં તબીબી સારવાર તેમજ ઉચ્ચ અભ્યાસ માટેના કેસોમાં, ઉપરોક્ત US ડોલર ૨,૫૦,૦૦૦ની મર્યાદા ઉપરાંત પણ રેમિટન્સ કરી શકાય. આ હેતુસર વ્યક્તિએ પોતાની બેન્ક સમક્ષ સંબંધિત હોસ્પિટલ કે યુનિવર્સિટી પાસેથી મળેલ દસ્તાવેજો રજૂ કરવાનો રહે.

**LRS હેઠળ કરી શકાતા Current તેમજ Capital Account Transactions**

પ્રત્યેક નાણાકીય વર્ષ દરમિયાન LRS હેઠળ કરી શકાતા કુલ US ડોલર ૨,૫૦,૦૦૦ ના વ્યવહારો પૈકી નીચે મુજબના Current તેમજ Capital Account Transactions તે કરી શકાશે તે મુજબની RBI દ્વારા છૂટ આપવામાં આવી છેઃ

- Capital Account Transactions permitted under LRS :
- ખાનગી પ્રવાસના હેતુસર (ભુતાન અને નેપાલ સિવાય)
- ધંધાકીય મુસાફરીના હેતુસર
- વિદેશમાં ઈમિગ્રેશનના હેતુસર
- વિદેશમાં નજીકના સગાના નિભાવ ખર્ચ માટે
- અભ્યાસના હેતુસર
- તબીબી સારવારના હેતુસર
- વિદેશમાં બક્ષિસ કે દાનના હેતુસર
- FEMA હેઠળ માન્ય અન્ય કોઇ Current Account Transactions

**Capital Account Transactions Permitted under LRS :**

- વિદેશમાં Foreign Currancy બેન્ક એકાઉન્ટ ખોલવા માટે

- વિદેશમાં ખોલેલ બેન્ક એકાઉન્ટમાં Foreign Currancy મોકલવા માટે
- વિદેશમાં કોઈપણ સ્થાવર મિલકતની ખરીદી માટે
- વિદેશમાં કોઈપણ રોકાણ કરવા માટે (FEMA હેઠળ Overseas Investment માટેના નિયમન અનુસાર)
- NRI/PIO હોય તેવા નજીકના સગાને લોન માટે
- વિદેશમાં બિનરહીશ રહ્યા દરમિયાન સ્વીકારેલ લોનની પુનઃચુકવણી માટે

**Other Transactions Permitted under LRS :**

- foreigh Trade policy હેઠળ ખરીદ કરી શકાતા કોઈપણ Object of Art. NRI ને બક્ષિસ કે લોન અપાય તો ?

ઉપરોક્ત સંદર્ભમાં **LRS** ના નિયમો હેઠળ એવી પણ સ્પષ્ટતા કરાઈ છે કે જો ભારતીય રહીશ દ્વારા તેના **NRI/PIO** હોય તેવા નજીકના સગાને ભારતીય રૂપિયાના ચલણમાં બક્ષિસ કે લોન આપવામાં આવી હોય, તો આવી રકમના મૂલ્યનો **LRS** ના રેમિટન્સના હેતુસર નિયત કરાયેલ US ડોલર ૨,૫૦,૦૦૦ ની મર્યાદાની ગણતરી માટે લક્ષમાં લેવાની રહેશે.

LRS હેઠળ વિદેશમાં મોકલાયેલ FOREX ને રેમિટન્સના ૧૮૦ દિવસના રોકાણ ન કરાય તો unused FOREX ને ભારતમાં પરત લાવવાનું રહેશે.

તા. ૨૪મી ઓગષ્ટ, ૨૦૨૨ ના રોજ RBI દ્વારા જાહેર કરાયેલ નોટિફિકેશન અનુસાર, જો LRS હેઠળ વિદેશમાં મોકલાયેલ FOREX ને રેમિટન્સના ૧૮૦ દિવસમાં રોકાણ ન કરાય તો Unused FOREX ને ભારતમાં પરત લાવવાનું રહેશે. આને લક્ષમાં રાખતા LRS હેઠળ કરાયેલ રેમિટન્સની રકમની યોગ્ય હેતુસર ઉપયોગ કે નિયત સ્વરૂપે રોકાણ કરવામાં આવે તેનો ખ્યાલ રાખવાનો રહેશે.

**રેમિટન્સ અત્યંત સરળતાપૂર્વક થઈ શકે !**

ઉપરોક્ત યોજના હેઠળ રેમિટન્સ કરવા માટે RBI ની કોઇ પૂર્વાનુમતિ જરૂરી નથી. આ હેતુસર વ્યક્તિએ 'ઓથોરાઇઝ્ડ ડિલર' (AD) તરીકે માન્ય કોઈ પણ એક બેન્કની બ્રાન્ચની પસંદગી કરીને તેના દ્વારા રેમિટન્સના વ્યવહાર કરવાના રહે. રેમિટન્સ પૂર્વે સંબંધિત બેન્ક એકાઉન્ટ એક વર્ષથી વધુ સમય માટે ધારણ કરેલું હોવું જોઇએ. આ હેતુસર નિયત કરાયેલ નાનકડા ફોર્મમાં યોગ્ય વિગતો દર્શાવીને રેમિટન્સની કેટલી રકમ, કોની તરફેણમાં તેમજ કઇ કરન્સીમાં મોકલવાની છે તે માટેની અરજી બેન્ક સમક્ષ રજૂ કરતાં જ તેના ખાતામાં જમા રૂપિયાની રકમ સામે વ્યક્તિને રેમિટન્સની સુવિધા મળી શકશે. આ હેઠળનું રેમિટન્સ બેન્ક ડ્રાફ્ટ દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક ટ્રાન્સફર દ્વારા પણ થઈ શકે, ભૂતાન, નેપાળ, મોરેશિયસ કે પાકિસ્તાન સિવાયના તમામ દેશો માટે આ રેમિટન્સની સુવિધા ઉપલબ્ધ બની શકશે.

**LRS રેમિટન્સમાંથી TCS ની વસુલાત સંબંધી જોગવાઈઓ**

કલમ ૨૦૬સી હેઠળ કરાયેલ જોગવાઇ અનુસાર, જો વ્યક્તિ દ્વારા **LRS** હેઠળ પરદેશ મોકલવામાં આવતી રકમ વાર્ષિક રૂા.૧૦ લાખથી વધુ હોય તો તેવા કેસમાં, નિયત શરતોને આધીન, આવું **Remittance** મોકલનાર **Authorised Dealer** દ્વારા નિયત જોગવાઈ અનુસાર ૨૦% ના દરે **Tax Collected at Source (TCS)** ની વસૂલાત કરવાની રહે.

આ સંબંધી અપાયેલ વિશેષ રાહતકારક છૂટ અનુસાર, જો રેમિટન્સની રકમ વિદેશમાં અભ્યાસ કે તબીબી સારવાર સંબંધી હોય, તો તેવા કેસમાં ૫% ના સ્થાને ૦.૫% ના દરે **TCS** ની વસૂલાત કરવામાં આવશે.

# આઈટી રિટર્ન ફાઈલ કરતી વખતે ભૂલો ટાળી, નોટિસ આવે નહિં તેની તકેદારી રાખો

હાલમાં આવકવેરાના રિટર્ન ભરવાની સિઝન ચાલે છે. આકારણી વર્ષ (એવાય) ૨૦૨૬-૨૭ ના રિટર્ન ભરવાની પ્રક્રિયા ચાલુ છે અને લાખો પગારદાર લોકો તેમના રિટર્ન ફાઇલ કરવાની તૈયારી કરી રહ્યા છે. ઘણાં લોકો ફક્ત ફોર્મ ૧૬ ભરીને કામ ચલાવે છે, પરંતુ હવે આવકવેરા વિભાગને એન્યુઅલ ઇન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (એઆઇએસ) તથા વધુ વિગત આપવી પડે છે. આ ઉપરાંત આવકવેરા વિભાગની વેરિફીકેશન સિસ્ટમ હવે વધુ કડક બની છે.

## આકારણી વર્ષ ૨૦૨૬-૨૭ ના રિટર્ન ભરવામાં થયેલા મુખ્ય ફેરફાર

આઈટીઆર ૧ નું વિસ્તરણ થવાથી હવે અગાઉ કરતાં વધુ પગારદાર લોકોને તે લાગે પડે છે. અગાઉ કોઇ નોકરિયાતને લિસ્ટેડ શેર અથવા ઈક્વિટી મ્યુ. ફંડના વેચાણ દ્વારા કોઇ નાનો કેપિટલ ગેઇન પ્રાપ્ત થાય તો પણ તેને આઇટીઆર-૨ ભરવું પડતું. જ્યારે આ વર્ષે કોઇને ૨૦૨૫-૨૬ માં રૂા. ૧.૨૫ લાખ સુધીનો લાંબાગાળાનો કેપિટલ ગેઇન મળ્યો હોય તો તેઓ આઇટીઆર-૧ ભરી શકે છે.

કોઇપણ વ્યક્તિ પાસે તેની માલિકીની બે મિલકતો હોય તો પણ તેઓ આઇટીઆર-૧ ફાઇલ કરી શકે છે. ચાલુ વર્ષે આવકવેરા વિભાગ પાસે વધુ માહિતી આવી રહી છે. વધુ રિપોર્ટિંગ તથા વધુ મજબુત વેરિફિકેશન સિસ્ટમને કારણે કરદાતા વ્યાજની નાની આવક ન દર્શાવે અથવા કોઇ નાણાકીય વ્યવહાર દર્શાવવાનું ચૂકી જાય તો પણ મિસમેચ થઇ શકે. કરદાતાએ આપેલ તમામ માહિતી આવકવેરા વિભાગના રેકોર્ડ સાથે યોગ્ય રીતે મેચ થવી જોઇએ એમ કરવેરા નિષ્ણાત વિશ્વાસ પંજિયારે જણાવ્યું હતું.

કરદાતાઓએ હવે વધુ વિગતવાર માહિતી દર્શાવવી પડશે. ઉદાહરણ તરીકે જોઇએ તો જે લોકોને ડોનેશન માટે કરકપાત જોઇએ તેમણે ટ્રાન્ઝેક્શન રેફરન્સ નંબર બેન્કની વિગતો તથા ઇન્ડિયન ફાઇનાન્સિયલ સિસ્ટમ કોડ(આઇએફએસી) વગેરે બાબતોની માહિતી આપવી પડશે. આ ઉપરાંત રાજકીય પક્ષોને ડોનેશન આપ્યું હોય તો મેળવનારનું નામ અને પરમેનન્ટ એકાઉન્ટ નંબર (પેન) આપવો પડે.

હવે વધુ સ્પષ્ટ વિગતો આપવી પડે છે અને ડેટાની પ્રાપ્તિ વધી છે ત્યારે આઇટીઆરની વિસંગતિઓ જલદીથી ધ્યાનમાં આવે છે, એમ નાંગિયા એન્ડ કંપનીના નિરજ અગ્રવાલે જણાવ્યું હતું.

## ફોર્મ ૧૬, એઆઇએસ અને ફોર્મ ૨૬ એસએસ ભરવું

ઘણાં કરદાતાઓ એવું માનતા હોય છે કે ફોર્મ ૧૬ની અંદર આવકવેરાના રિટર્નની તમામ માહિતી આવી જતી હોય છે હકીકતમાં જ્યાં નોકરી કરતાં હોય તેના સંચાલક અથવા માલિક દ્વારા આપવામાં આવેલી માહિતીનો ફોર્મ ૧૬માં સમાવેશ થાય છે કરદાતાઓએ સૌપ્રથમ તેમના પગારની વિગત તથા ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ(ટીડીએસ) ની તમામ માહિતી ફોર્મ ૧૬ અને ફોર્મ ૨૬ એએસમાં આપવી જોઇએ. આ ઉપરાંત નોકરી ઉપરાંતની અન્ય આવકની વિગત માટે એઆઇએસનું પુનરાવલોકન કરવું જોઇએ.

ઘણાં કરદાતાઓ તેઓના વ્યાજ, ડિવિડંડ અને મ્યુ. ફંડના કેપિટલ ગેઇનની વિગત આઇટીઆરમાં દર્શાવતા નથી. કરદાતાઓએ તેમના રિટર્ન ફાઇલ કરતી વખતે ફક્ત એઆઇએસ ઉપર આધાર રાખવો જોઇએ નહીં. તેમાં રહેલી વિગતોનું ફોર્મ ૧૬ અને ફોર્મ ૧૬ એ સાથે મેચિંગ કરવું જોઇએ, તે ઉપરાંત બેન્ક સ્ટેટમેન્ટ, કેપિટલ ગેઈન સ્ટેટમેન્ટ અને અન્ય નાણાકીય રેકોર્ડ સાથે તેનું મેચીંગ કરવું જોઇએ. યોગ્ય ચકાસણી તથા મેચીંગ કરવાથી ભૂલ થવાની શક્યતા ઘણી ઘટી જાય છે. રિટર્નમાં ભૂલ થાય અને મિસમેચીંગ થાય તો આવકવેરા વિભાગની પૂછપરછ અથવા નોટિસ આવી શકે, એમ અગરવાલે જણાવ્યું હતું.

## મિસમચિંગ થતું હોય તો તેના કારણો શોધવા

જ્યારે ફોર્મ ૧૬, એઆઇએસ અને ફોર્મ ૨૬એએસનું મેચિંગ ન થતું હોય તો તેના કારણો શોધવા જોઇએ. ટીડીએસ સંબંધિત કોઇ બાબત હોય તો ખાસ કરીને ફોર્મ ૨૬એ એસ મહત્ત્વનું છે, કારણ કે તેમાં આવકવેરા વિભાગનો કરવેરાનો રેકોર્ડ હોય છે. કોઇનું ટીડીએસ ફોર્મ ૧૬માં દેખાતું હોય પરંતુ ૨૬એ એસમાં દેખાતું ન હોય તો રિટર્ન ફાઇલ કરતાં પહેલા જ્યાં નોકરી કરતાં હોય તેના માલિકનો સંપર્ક કરવો જોઇએ.

કોઇની આવકમાં મિસમેચ થતું હોય તો બેન્ક સ્ટેટમેન્ટ, ઈન્ટેરેસ્ટ સર્ટિફિકેટ અને બ્રોકર સર્ટિફિકેટની ચકાસણી કરવી જોઇએ. એઆઇએસ એક મહત્ત્વની વિગત છે, છતાં ડુપ્લીકેટ રિપોર્ટિંગ અથવા ખોટાં ક્લાસિફિકેશન થવાની શક્યતા છે. આ પ્રકારના કેસમાં એઆઇએસ ફીડબેકની સુવિધાનો ઉપયોગ કરવો જોઇએ તથા સંબંધિત ડોક્યુમેન્ટ મેળવી લેવા જોઇએ.

**આઇટીઆરના યોગ્ય ફોર્મની પસંદગી જરૂરી**

જે વ્યક્તિગત કરદાતાની રૂા. ૫૦ લાખ સુધીની પગારની આવક હોય, મહત્તમ બે ઘરની પ્રોપર્ટી હોય અને વ્યાજ તથા ડિવિડંડની આવક હોય અને મર્યાદિત કેપિટલ ગેઇન હોય તો આઇટીઆરનું ફોર્મ ૧ ભરવું જોઇએ.

જે વ્યક્તિગત કરદાતાની આવક રૂા. ૫૦ લાખથી ઉપર હોય, નોંધપાત્ર કેપિટલ ગેઇન હોય, પરદેશની આવક હોય અથવા ત્યાં મિલકત હોય રૂા. ૫૦૦૦ થી વધુ કૃષિ આવક હોય અથવા કોઇ કંપનીના ડાયરેક્ટર હોય તેઓને આરટીઆઇ ફોર્મ - ૨ લાગુ પડે છે.

કોઇની બિઝનેસ અથવા પ્રોફેશનલ આવક હોય જેમાં કન્સલ્ટેશન, ફિલાન્સિંગ, કન્ટેન્ટ ક્રિએશન અથવા ટ્રેડિંગની આવકનો સમાવેશ થાય છે, તેમણે આઇટીઆરનું ફોર્મ-૩ ભરવું જોઇએ, જ્યારે આઇટીઆર-૪ જે લોકો પ્રિઝન્ટિવ ટેક્ષેસન માટે છે.

ઘણાં લોકોના રિટર્નમાં ભૂલ આવતી હોય છે કારણ કે તેઓ ફક્ત પગારની રકમને જ આવક ગણે છે અને અન્ય આવક અથવા મિલકતને ગણતરી લેતા નથી. કોઇપણ કરદાતાએ રિટર્ન ફાઇલ કરતાં પહેલાં તેની તમામ નાણાકીય વિગતોની ચકાસણી કરવાથી આવકવેરા વિભાગની નોટિસથી બચી જવાય છે, એમ પંજિયારે જણાવ્યું હતું.

કોઇ કરદાતાની આવકમાં ફેરફાર થાય અથવા મિલકતની માલિકીમાં પરિવર્તન થાય તો અગાઉ ભરતા હોય તેના કરતાં અલગ ફોર્મ ભરવું પડી શકે. ખોટું ફોર્મ ભરવાથી માહિતી અપુરતી હોવાને કારણે પેનલ્ટી થઇ શકે. ઉદાહરણ તરીકે જોઇએ તો કોઇ કરદાતાની પરદેશમાં મિલકત હોય અને તેના રિટર્નમાં તેને દર્શાવવાનું રહી ગયું હોય. ત્યારબાદ તે વર્ષમાં પરદેશની મિલકતનું વેચાણ થાય તો કરદાતાએ ફોર્મ-૧ ને બદલે ફોર્મ-૨ ભરવું પડે, એમ ડેલોઇટ ઈન્ડિયાના આરતી રાઉતે જણાવ્યું હતું.

**રિટર્ન ફાઇલ કરતાં પહેલાં જૂની અને નવી કર પદ્ધતિની સરખામણી કરો**

નવી કરપ્રણાલી એક પૂર્વાનિર્ધારિત વિકલ્પ છે. આમ છતાં કરદાતાએ તેમની આવક, કરકપાત અને કરવેરાની છૂટછાટને ધ્યાનમાં રાખીને જે પદ્ધતિમાં વધુ ફાયદો થતો હોય અને વધુ અનુકૂળ હોય તેને પસંદ કરવી જોઇએ.

જે પગારદાર વ્યક્તિ હાઉસ રેન્ટ એલાવન્સ(એચઆરએ) લિવ ટ્રાવેલ કન્સેસન (એલટીસી) ચેપ્ટર વીઆઇએ અંતર્ગત કરકપાત મળતી હોય અથવા હોમ લોન સંબંધિત ફાયદા મેળવતાં હોય તેમના માટે જૂની કરપદ્ધતિ વધુ ફાયદાકારક રહેશે. કરદાતાએ તેના માલિકના હિસાબે કોઇ એક કરપ્રણાલી પસંગ કરી હોય તેને રિટર્ન ભરતી વખતે બદલી શકે, એમ કરવેરા નિષ્ણાતોએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રિટર્ન ભરતાં પહેલાં ફાઇનલ ચેકિંગ કરવું ઘણું જરૂરી છે. એઆઇએસમાં જણાવેલી આવક ટેક્સ ઈન્ફોર્મેશન સમરી (ટીઆઇએસ) ફોર્મ ૨૬ એએએસ અને રિટર્નમાં જણાવેલી આવકનું બરોબર મેચિંગ કરવું પડે, જેથી કોઇ બાબત રહી ન જાય.

આ ઉપરાંત ફોર્મ ૧૬ની ચકાસણી કરીને જોવું જોઇએ કે તમામ કરકપાતનો દાવો કરવામાં આવ્યો છે અને રિટર્નમાં જે આંકડાઓ દર્શાવવામાં આવ્યા છે તે અને નોકરી આપનારા માલિકે જે આંકડાઓ આપ્યા છે તેનું બરોબર મેચિંગ થાય છે કે નહીં?

કોઇપણ ભૂલ ઝડપથી સુધારી લેવી જોઇએ

કરદાતાને તેના રિટર્નમાં કોઇ બાબત દર્શાવવાની રહી ગઇ હોય, કરકપાતનો ખોટો દાવો થઇ ગયો હોય અથવા આવક દર્શાવવામાં કોઇ ભૂલ થઇ હોય તો તેને આવકવેરાની કલમ ૧૯૬૧ ના સેક્શન ૧૩૯(૫) અંતર્ગત ઝડપથી રિવાઇઝડ(સુધારેલું) રિટર્ન ભરવું જોઇએ. આ સંજોગોમાં આવક વેરા વિભાગની નોટિસ આવે ત્યાં સુધી રાહ જોવી જોઇએ નહીં. ભૂલ સુધારીને તાત્કાલિક સુધારેલું રિટર્ન ભરી દેવું જોઇએ જે તમામ ચોક્કસ વિગત ધરાવતું હોય તે જરૂરી છે. એમ અગ્રવાલે જણાવ્યું હતું.

# સેબીનાં બાયબેક નિયમોનું પુનરાગમન

જ્યારે મૂળ ફેરફારને યોગ્ય ઠેરવતો આધાર જ ગાયબ થઈ જાય ત્યારે નિયમનકારી પીછેહઠ અણઘડ લાગે છે. સેબીનું બાયબેક માળખું બરાબર એ જ સ્થિતિમાં છે.

૧ એપ્રિલ, ૨૦૨૫ પછી સ્ટોક એક્સચેન્જો દ્વારા ઓપન માર્કેટ બાયકેબ સંપૂર્ણપણે તબક્કાવાર બંધ કરવામાં આવ્યા હતા. આ બંધ કરવાનો નિર્ણય બે બાબતો પર આધારિત  હતો ટેક્સ ન્યુટ્રાલિટી (કર તટસ્થતા) અને શેરધારકો સાથે ન્યાયી વર્તન.

ટેક્સની બાજુએ, કંપનીઓએ બાયબેક ડિસ્ટ્રીબ્યુશન ટેક્સ સહન કરવો પડતો હતો. જ્યારે વેચનાર શેરધારકોએ તેમનાં નફા પર કોઈ ટેક્સ ચૂકવવો પડતો નહતો. ન્યાયીપણાની બાજુએ, સેબી આ પ્રક્રિયાને તેની રચનામાં જ મનસ્વી માનતી હતી. કંપનીનો આખો ખરીદી ઓર્ડર મુઠ્ઠીભર શેરધારકો દ્વારા મુકવામાં આવેલા વેચાણ ઓર્ડર સાથે મેચ થઈ શકતો હતો જેનાથી અન્ય લોકો વંચિત રહી જતા હતા. આ બંને ચિંતાઓએ એકબીજાને વધુ જટિલ બનાવી દીધી હતી - ભાગીદારી એ નસીબની બાબત હતી અને જેઓ ભાગ લેવા પામ્યા તેમને ટેક્સનો એવો લાભ મળ્યો જે અન્યોને મળ્યો નહતો. આ અસમાનતા વાસ્તવિક હતી અને તેને બંધ કરવાનો નિર્ણય બચાવવા યોગ્ય હતો, જોકે સૌથી વધુ બજારલક્ષી અને પારદર્શક પ્રક્રિયાને દૂર કરવી એ અતિશ્યોક્તિ હતી.

હવે એ સ્થિતિ બદલાઈ ગઈ છે. ફાઈનાન્સ એક્ટ ૨૦૨૬ એ બાયબેકમાંથી થતી આવકનાં ટેક્સેસનને તર્ક સંગત બનાવ્યું છે, જે હવે શેરધારકનાં હાથમાં કેપિટલ ગેઈન્સ તરીકે કરપાત્ર છે. બાયબેકમાં શેર વેચવાનો વિશેષ કરલાભ હવે જતો રહ્યો છે અને તેની સાથે સ્ટોક એક્સચેન્જો દ્વારા ઓપન માર્કેટ બાયબેકને તબક્કાવાર બંધ કરવાના તર્કનો મોટો હિસ્સો પણ સમાપ્ત થઈ ગયો છે.

સેબીએ આ અંગે બે પરામર્શપત્રો સાથે પ્રતિક્રિયા આપી છે. બે એપ્રિલનાં રોજ જાહેર કરાયેલા પ્રથમ પત્રમાં સ્ટોક એક્સચેન્જ રૂટને ફરીથી શરૂ કરવાની દરખાસ્ત છે. ૮ મેનાં રોજ જાહેર કરાયેલા બીજા પત્રમાં સેબી (બાયબેક ઓફ સિક્યોરિટીઝ) રેગ્યુલેશન ૨૦૧૮ નાં વ્યાપક સુધારાની દરખાસ્ત છે. આ કવાયત માત્ર અગાઉ જે અસ્તિત્વમાં હતું તેને પુનઃ સ્થાપિત કરવાનો નહીં પરંતુ માળખાને નવેસરથી બનાવવાનો એક પ્રયાસ છે.

સૌથી મહત્ત્વપૂર્ણ ડિઝાઈન પસંદગી બાયબેક વિન્ડોનાં સમયગાળાની છે. પ્રાઈમરી માર્કેટ એડવાઈઝરી કમિટી (પીએમએસી) એ મૂળ છ મહિનાની મર્યાદાને પુનઃપ્રસ્થાપિત કરવાની ભલાભણ કરી હતી. સેબીનો અભિપ્રાય છે કે છ મહિનાનો સમય ઘણો લાંબો છે અને તે પોતે જ અનિશ્ચિતતાનો સ્રોત છે. તેના બદલે તેણે મહત્તમ ૬૬ કામકાજનાં દિવસો (આશરે ત્રણ કેલેન્ડર મહિના) ની દરખાસ્ત કરી છે, જેમાં ઓફર સમયગાળાના પ્રથમ અડધા ભાગમાં બાયબેકનાં કદનાં ઓછામાં ઓછા ૪૦ ટકાનો ઉપયોગ કરવાનો રહેશે. આ શરત કંપનીઓને શરૂઆતમાં ધીમી ગતિએ ચાલવા અને પછી અંતમાં ઉતાવળ કરવાથી રોકે છે. જોકે આ યોગ્ય છે પણ તે કદાચ વધુ પડતું કડક હોઈ શકે છે.

આ પુનઃસ્થાપન સેબીને માળખાકીય અવશેષોને સાફ કરવાની તક પણ આપે છે. જ્યારે સ્ટોક એક્સચેન્જ રૂટ તબક્કા-વાર બંધ કરવામાં આવ્યો હતો, ત્યારે એક્સચેન્જોએ બાયબેકમાં વેચનારા શેરધારકોને ઓળખવા માટે એક અલગ ટ્રેડિંગ વિન્ડો જાળવવી પડતી હતી જેથી કરીને તેમને કરલાભ આપી શકાય. હવે જ્યારે કર સમાનતા સ્થાપિત થઈ ગઈ છે ત્યારે ઓળખવાનું તે કાર્ય નિરર્થક બની ગયું છે. સેબી અલગ વિન્ડોને નાબૂદ કરવા અને બાયબેક વ્યવહારોને સામાન્ય ટ્રેડિંગ દ્વારા વહેવા દેવાની દરખાસ્ત કરી છે. પીએમએસીએ બાયબેક રેગ્યુલેશન્સનાં રેગ્યુલેશન ૧૭ (આઈ) હેઠળની જરૂરિયાતને પણ નાબૂદ કરવાની દરખાસ્ત કરી છે જે જણાવે છે કે જ્યારે ઓર્ડર આપવામાં આવે ત્યારે ઈલેક્ટ્રોનિક સ્ક્રીન પર ખરીદનાર તરીકે કંપનીની ઓળખ પ્રદર્શિત થવી જોઈએ. બદલાયેલા સંદર્ભમાં આ બંને દરખાસ્તો સમજદારીભરી છે.

પરામર્શ પત્ર એવા બે અંતરને પણ પૂરે છે જેનાં પર અગાઉ ધ્યાન આપવાની જરૂર હતી. પ્રથમ પ્રમોટરના વર્તનને લગતું છે. પ્રમોટર્સ અને તેમનાં સહયોગીઓને બાયબેક સમયગાળા દરમિયાન કંપનીની સિક્યોરીટીઝમાં વ્યવહાર કરવા પર પહેલે થી જ પ્રતિબંધ છે. પરંતુ પ્રતિબંધ હોવો અને અટકાવવો એ બંને અલગ બાબત છે. પરામર્શ પત્રમાં પ્રમોટરનાં હોલ્ડીંગ્સને ડિપોઝીટરીઝ દ્વારા ઇન્ટરનેશનલ સિક્યોરિટીઝ આઇડેન્ટીફિકેશન નંબર લેવલ પર સ્થગિત કરવાની દરખાસ્ત છે જેનાંથી આ નિયંત્રણ માત્ર ડિસ્ક્લોઝર વ્યવસ્થા પર નિર્ભર રહેવાને બદલે માળખાકીય રીતે લાગુ કરી શકાય તેવું બનશે.

બીજું, અંતર મિનિમમ પબ્લિક શેરહોલ્ડિંગ (એમપીએસ-લઘુતમ જાહેર શેરધારણા) ને લગતું છે. બાયબેક નિયમોમાં ક્યારેય સ્પષ્ટપણે એવું કહેવામાં આવ્યું નથી કે જો કંપની બાયબેક પૂર્ણ કરે અને તેનાંથી પબ્લિક શેરહોલ્ડિંગ એમપીએસ મર્યાદાથી નીચે જતું હોય, તો કંપની બાયબેકની જાહેરાત કરી શકે નહીં. આ બંને માળખા એકબીજાનાં સંદર્ભ વિના સમાંતર અસ્તિત્વ ધરાવતા હતા. સૂચિત સ્પષ્ટ ક્રોસ-રેફરન્સ એ એક સારી વ્યવસ્થા છે.

એક મહત્ત્વપૂર્ણ દરખાસ્ત મેન્ડેટરી મર્ચન્ટ બેન્કરની જટિલતા દૂર કરવાની છે. કદ કે જટિલતાને ધ્યનમાં લીધા વિના દરેક બાયબેક માટે મર્ચન્ટ બેન્કરને રોકવા ફરજિયાત છે. પરામર્શ પત્રમાં પ્રવૃત્તિનાં સ્વરૂપનાં આધારે આમાંના મોટા ભાગનાં કાર્યો કંપની, સ્ટોક એક્સચેન્જો અને સેક્રેટરિયલ ઓડિટરને સોંપવાની દરખાસ્ત છે.

આ પાછળની મૂળ દલીલ વાજબી છે. જ્યારે ફરજિયાત મર્ચન્ટ બેન્કરની સંડોવણી પ્રમાણભૂત પ્રથા બની હતી ત્યારથી અત્યાર સુધીમાં સિક્યોરિટીઝ માર્કેટ ઘણું પરિપકવ છે. હાલમાં મર્ચન્ટ બેન્કરોને સોંપવામાં આવેલા ઘણા કાર્યો પ્રક્રિયાગત છે અને તે બધા માટે પેઇડ મધ્યસ્થીની જરૂરિયાત રાખવાથી કોઇ વધારાના લાભ વિના ખર્ચ અને ઘર્ષણ વધે છે. બાયબેક ઓફર બાયબેક નિયમોનું પાલન કરે છે તેવું પ્રમાણપત્ર, જે હાલમાં મર્ચન્ટ બેન્કર દ્વારા આપવામાં આવે છે તે સેક્રેટરીયલ ઓડિટર પાસે જશે. લિસ્ટેડ કંપનીઓમાં સેક્રેટરીયલ ઓડિટ પ્રથાની ગુણવત્તા અને સ્વતંત્રતા અલગ અલગ હોય છે અને સેબી માટે સારૂં રહેશે કે તે આ ફેરફારની સાથે તે જવાબદારીનાં ક્ષેત્ર અંગે સ્પષ્ટતા પણ આપે. પીએમએસીએ એવી પણ ભલામણ કરી છે કે કંપનીઓ એ જાહેર જાહેરાતનાં કામકાજનાં એક દિવસની અંદર શેરધારકોને બાયબેક ઓફરની ઇલેક્ટ્રોનિક માહિતી મોકલવી જોઇએ અને સેબીએ તેનો સ્વીકાર કર્યો છે. ઘણા રિટેલ શેરધારકો દરરોજ એક્સચેન્જ અથવા કંપનીની વેબસાઇટ જોતાં નથી. સીધો સંવાદ માહિતીની અસમાનતાને ઘટાડે છે, જે એવી પદ્ધતિ માટે મહત્ત્વની છે જ્યાં ભાગીદારો પ્રથમ તો શેરધારક બાયકેક ખુલ્લું હોવાનું જાણતો હોય તેનાં પર અને બીજું શેરધારક તે મુજબ પગલાં લે તેનાં પર નિર્ભર કરે છે. આ દરખાસ્તોને એક સાથે વાંચતા, તે એક માપસરનો સુધારો છે. તેઓ અગાઉની આવૃત્તિમાં રહેલી માળખાકીય નબળાઇઓને સુધારવાની સાથે બજારનાં સહભાગીઓને ઉપયોગી લાગેલા સાધનનો પાછું લાવવા માંગે છે. આ પીછેહટ કોઇ અનિશ્ચિત નિયામકનું કામ નથી. તે સંસદ દ્વારા ટેક્સ કાયદામાં કરવામાં આવેલા ફેરફારને અનુસરે છે અને સેબીની પ્રતિક્રિયાની ઝડપ બદલાયેલી પરિસ્થિતિઓને દર્શાવે છે, નિયમનકારી  અસંગતતાને નહીં. આ માળખું જે બાબતનો ઉકેલ નથી લાવતું તે શેરધારકોની સમાન ભાગીદારીનો પ્રશ્ન છે. સંસદે ટેક્સની સમસ્યા ઉકેલી દીધી છે. શેરધારકોની અસમાનતાની સમસ્યા એક અલગ બાબત છે. પુનઃસ્થાપિત કરાયેલા રૂટ હેઠળ બાયબેક વ્યવહારો પ્રાઇસ-ટાઇપ ઓર્ડર મેચિંગ મિકેનિઝમ પર ઓપન માર્કેટ દ્વારા વહેવાનું ચાલુ રાખશે, જે શેરધારક ભાગ લેવા ઇચ્છે છે તેની પાસે કોઇ ગેરન્ટી નથી કે તેમનો ઓર્ડર કંપનીની ખરીદી ઓર્ડર સાથે મેચ થશે જ. સેબી આનાથી વાકેફ હોય તેમ લાગે છે. પરંતુ તેણે હજી સુધી કોઇ માળખાકીય જવાબ આપ્યો નથી. જોકે, દરેક બાબતમાં નિયમનકારી હસ્તક્ષેપ ની જરૂરી હોતી નથી.

# રાજ્યની નવી ઔદ્યોગિક નીતિ : ₹ ૧૦ લાખ કરોડનું રોકાણ ખેંચી લાવશે

## ડ્રોન, રોબોટિક્સ, રમકડાં, ફુટવેર અને સ્પોર્ટ્સ ગુડ્સ જેવા પાંચ વિશેષ ઉદ્યોગોને મોટો ફાયદો

## પ્રથમવાર ''ચૂઝ યોર ઈન્સેન્ટિવ'' યોજના જાહેર, ઔદ્યોગિક એકમોને શહેર બહાર જવા પ્રોત્સાહનો અપાશે

ઉદ્યોગો પોતાની પસંદગીના પ્રોત્સાહનો મેળવી શકે તે પ્રકારની છૂટછાટ આપતી ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ ની જાહેરાત થઇ છે. એમાં ઉદ્યોગો પ્રોત્સાહન માંગી શકે તેવું મોડેલ પસંદ કરવામાં આવ્યું છે. આ મોડેલને લોકશાહી ગણાવાયું છે. નીતિ હેઠળ અલગ અલગ ક્ષેત્રોમાં ૧૫ થી ૪૫ ટકા સુધીના પ્રોત્સાહનો અપાશે. ગુજરાત ઉત્પાદકિય ક્ષેત્રમાં અગ્રેસર રહે, રિસર્ચ-ડેવલપમેન્ટ વધે તથા મૂલ્યવર્ધન થાય તે માટે રાહતો અપાઇ છે. શહેરી ભીડ ઘટાડવા માટે ઉદ્યોગો બહારાના વિસ્તારોમાં જઇ શકે તેવી વ્યવસ્થા પણ છે. કુલ ૨૧ જેટલા ઉચ્ચ પ્રગતિ કરી શકે તેવા ક્ષેત્રોમાં સ્પોર્ટ્સ ગુડ્સ, રમકડાં, ફુટવેર, રોબોટ્સ અને ડ્રોન મેન્યુફેકચરિંગ એમ પાંચ ખાસ ક્ષેત્રને ઓળખાવાયા છે. આ સમગ્ર ૫ વર્ષીય નવી ઔદ્યોગિક અંતર્ગત ગુજરાતમાં કુલ ૧૦ લાખ કરોડથી વધુનું નવું મૂડીરોકાણ આવે તેવો અંદાજ છે.

ગાંધીનગર મહાત્મા મંદિરમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવીએ નીતિ જાહેર કરી હતી. ચૂઝ યોર ઈન્સેન્ટિવ નામની ખાસ વ્યવસ્થા ઈતિહાસમાં પ્રથમ વખત ગુજરાતે જાહેર કરી છે. એ ઉપરાંત શહેરોમાંથી ઔદ્યોગિક એકમોની ભીડને આજુબાજુના પેરીફેરીમાં મોકલવાની યોજના મહત્ત્વની છે. જેને થ્રાઇવ તરીકે ઓળખવામાં આવી છે. રિસર્ચ અને ડેવલપમેન્ટનું કેન્દ્ર બને તે માટે ગુજરાતમાં રૂા. ૩૦૦ કરોડના ખર્ચે પાંચ સેન્ટર બનાવવામાં આવનાર છે. મહિલા સાહસિકો અને યુવા સ્ટાર્ટઅપ માટે બૂસ્ટર ડોઝની જાહેરાત કરવામાં આવી છે.

નીતિની જાહેરાત વખતે જણાવ્યું કે, વોકલ ફોર લોકલ, લોકલ ટુ ગ્લોબલના મંત્રને આત્મસાત કરનારો વૈશ્વિક દસ્તાવેજ છે. ગિફ્ટ સિટી, ધોલેરા સર, સેમિકન્ડકટર હબ અને ડેટા સેન્ટર્સના માધ્યમથી આ નીતિ આગામી ૫ વર્ષમાં દેશમાં ઔદ્યોગિક ઈતિહાસમાં રોકાણ અને રોજગારનો સોનેરી અધ્યાય લખશે.

ગુજરાતને વર્ષ ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રિલિયન યુએસ ડોલરનું મહા-અર્થતંત્ર બનાવવાના નિર્ધાર નીતિ જાહેર થઇ છે. છેલ્લા બે દાયકામાં ગુજરાતનો જીડીપી ૨૦ ગણો વધ્યો છે. વર્તમાનમાં રાજ્યનો જીડીપી આશરે ૩૨૯.૭૦ બિલિયન ડોલર છે. દેશના જીડીપીમાં ગુજરાતનો ફાળો ૨૦ વર્ષ પહેલાં ૬.૨ ટકા થયો છે. ઉત્પાદકિય ક્ષેત્રમાં ગુજરાત ૧૮ ટકા, કાર્ગો હેન્ડલીંગમાં ૪૦ ટકા અને દેશની કુલ નિકાસમાં ૨૫ થી ૩૩ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે.

નવી નીતિ પ્રમાણે ઉદ્યોગો પોતાની નાણાકિય અનુકૂળતા પ્રમાણે કેપિટલ સબસિડી, લોન પર ૭ ટકા વ્યાજ સબસિડી કે પાવર ટેરિફ રિએમ્બર્સમેન્ટનું સંયોજન કરી શકશે. જેનાથી વહીવટી પારદર્શિતા વધશે અને મંજૂરીઓ ઝડપી બનશે. શહેરમાંથી બહાર શિફ્ટ થનારા એકમ નવા ગણીને પૂરી સબસીડી સીલિંગ મેળવશે. શ્રમિકોને વેતન ભથ્થું અપાશે. સ્થળાંતર કરનારા શ્રમિકોને ૬ મહિના સુધી દર મહિને રૂા. ૫૦૦૦ ની સીધી વેતન સહાય મળશે. લેબર હોસ્ટેલ ડોર્મિટરી માટે પ્રોજેક્ટ ખર્ચના ૮૦ ટકા (૪૦ કરોડ સુધી) ની સહાય અપાશે. ટ્રાફિક અને પ્રદૂષણ નિવારવા ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ માટે લઘુ એકમોને ૫૦ ટકા (૫ કરોડ એમએલડી) અને મોટા એકમોને ૪૦ ટકા (૭.૫ કરોડ એમએલડી) ની સહાય મળવાપાત્ર થશે. જૂની શહેરી જમીનને કમર્શિયલ-રેસિડેન્શિયલમાં ફેરવવા માટે એફએસઆઇ અને પર્યાવરણીય મંજૂરીમાં વિશેષ છૂટછાટો અપાશે.

ડ્રોન, રોબોટિક્સ, રમકડાં, ફૂટવેર અને સ્પોર્ટ્સ ગુડ્સ ઉદ્યોગો માટે લાભનો સમયગાળો ... માટે ૫ વર્ષ, લાર્જ માટે ૮ વર્ષ, મેગા માટે ૧૦ વર્ષ અને અલ્ટ્રા મેટા માટે ૧૨ વર્ષ રહેશે. ગ્રીન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને સરક્યુલર ઇકોનોમી માટે સહાય મળશે. પાણી રિસાયકલ, કોમન બોઇલર તથા ક્લીનર પ્રોડક્શનને પણ ખાસ સહાય છે. કુશળ માનવબળ તૈયાર કરવા માટે પણ સરકારે ખાસ ભાગીદારી કરવામાં આવી છે.

ગુજરાત રિસર્ચ એન્ડ ઇનોવેશન પાર્ક બનશે

પાંચ આર એન્ડ ડી સેન્ટરો માટેની જાહેરતમાં મકાન, મશીનરી અને સાધનો માટે ૫૦ ટકા કેપિટલ સબસીડી (૫ વર્ષ સુધી વાર્ષિક મહત્તમ ૫૦ કરોડ સુધી) અપાશે. જમીન રીઇમ્બર્સમેન્ટ માટે જીઆઇડીસી, ધોલેરા, સરકારી જમીનના કિસ્સામાં ફાળવણી કિંમતના ૨૫ ટકા અથવા ખાનગી જમીનમાં જંત્રી દરના ૨૫ ટકાની ભરપાઇ કરાશે. આ ઉપરાંત ૧૦ વર્ષ સુધી આઈપીઆર અને પેટન્ટ સપોર્ટ મળશે. 'ગુજરાત રિસર્ચ એન્ડ ઇનોવેશન પાર્ક' સ્થાપવામાં આવશે.

## મહિલા સાહસિકોને વિશેષ રાહતો મળશે

૧૦૦ ટકા મહિલાઓની માલિકીના માઇક્રો એકમોને વધારાની ૧ ટકા વ્યાજ સબસીડી મળશે. કારકિર્દી વિરામ લેનારી મહિલાઓ માટે સીઇડી દ્વારા 'રિટર્ન ટુ ઇન્ડસ્ટ્રી એક્સિલેટર' ટ્રેનિંગ અપાશે. મહિલા માઇક્રો એકમોને ૫ વર્ષ સુધી વાર્ષિક રૂા. ૩ લાખ સુધી ૭૫ ટકા ભાડા સહાય મળશે. સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ માટે યુવા સ્થાપકોને ૧૦ વર્ષ માટે દર મહિને ૨૫ હજાર અને મહિલા સહ-સંસ્થાપક હોય તો ૩૦ હજારનું નિર્વાહ ભથ્થું મળશે. ૩૦ લાખ સુધીનું સીડ સપોર્ટ મળશે.

## રમકડાં, રોબોટ, ડ્રોન અને સ્પોર્ટસ ઉત્પાદકોને લાભ

નીતિ હેઠળ ૨૧ મુખ્ય ક્ષેત્રો નક્કી કરાયા છે. જેમાં, ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ, મોબિલિટી, કેપિટલ ઇક્વિપમેન્ટ, ટેક્સટાઇલ્સ અને એપેરલ્સ, સસ્ટેનેબીલીટી, કેમિકલ્સ, એગ્રો પ્રોસેસીંગ, હેલ્થકેર, ક્રિટિકલ મિનરલ્સ પ્રોસેસિંગ, રિફાઇનીંગ એક્સટ્રેશન, મેટલ્સ એન્ડ મિનરલ્સ, સિરેમિક્સ, સેમિકન્ડકટર ઉદ્યોગના એનસિલરી યુનિટ્સ, ન્યુક્લિયર પાવર ઇક્વિપમેન્ટ, વેહિકલ સ્ક્રેપિંગ ફેસિલિટિઝ, ઇલેક્ટ્રોનિક્સ વેસ્ટ રિસાયકલિંગ, શિપિંગ કન્ટેનર ઉત્પાદન અને હેવી અર્થ મૂવિંગ ઇક્વિપમેન્ટ નો સમાવેશ કરાયો છે. તેની સાથે જ તેમાં ખાસ ૫ પ્રાથમિક ક્ષેત્રો-ટેક્સટાઇલ વેસ્ટ રીસાયકલીંગ સ્પેશ્યલ થ્રસ્ટ સેક્ટર તરીકે સ્પોર્ટસ ગુડ્સ, રમકડાં, ફૂટવેર, રોબોટ્સ અને ડ્રોન મેન્યુફેકચરિંગનો સમાવેશ કરાયો છે.

## વિકસિત ગુજરાતથી વિકસિત ભારતની નીતિ : મુખ્યપ્રધાન

નવી ઔદ્યોગિક નીતિને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭ ના સંકલ્પને સાકાર કરનાર સર્વગ્રાહી વિકાસ દસ્તાવેજ ગણાવી હતી. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિઝનરી લિડરશીપમાં ગુજરાતે પોલિસી ડ્રિવન સ્ટેટની ઓળખ પ્રસ્તાપિત કરી છે. મુખ્યમંત્રીએ ગ્રીન અને સસ્ટેનેબલ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ને આ નીતિનું સૌથી મહત્ત્વપૂર્ણ પાસું ગણાવ્યું હતું. ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૨૬માં ગ્રીન ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, વેસ્ટ વોટર રિસાયક્લિંગ, ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ, ક્લીનર પ્રોડક્શન ટેકનોલોજી અને સરક્યુલર ઇકોનોમીને પ્રોત્સાહન આપ્યું છે.

ગુજરાતની આ નવી ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ જે ચાર મજબૂત આધારસ્તંભો પર ઉભી છે તે ઇન્વેસ્ટમેન્ટ અને ઉત્પાદન, ઇનોવેશન અને રિસર્ચ, સ્કિલ એન્ડ એમ્પ્લોયમેન્ટ, સસ્ટેનેબિલીટી એન્ડ ઇન્ક્લુસિવ ડેવલપમેન્ટની પણ તેમણે ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે, વિશ્વની ઝડપથી બદલાતી જતી અર્થવ્યવસ્થા, ટેકનોલોજી, આર્ટીફીશ્યલ ઇન્ટેલિજન્સ, ગ્રીન એનર્જી અને ગ્લોબલ સપ્લાય ચેઇનની નવી રચના ઉદ્યોગોના સ્વરૂપને બદલી રહી છે ત્યારે ગુજરાતની આ નવી ઔદ્યોગિક નીતિમાં ભવિષ્યને લક્ષ્યમાં લેવાયું છે.

# નવા શ્રમ કાયદા : સરકાર અને ઉદ્યોગોને શા માટે જરૂર પડી ?

## (૧) પ્રસ્તાવના

ભારત અત્યારે આર્થિક અને નિયમનકારી ઉત્ક્રાંતિમાં એક નિર્ણાયક સમય પર ઉભો છે. ભારતમાં શ્રમિકોની સંખ્યા ૫૦ કરોડ કરતાં વધારે છે. વિશ્વમાં સૌથી વધુ શ્રમિકો ભારતમાં છે. શ્રમિકો માટેનું નિયમનકારી ફ્રેમવર્ક દાયકાઓ સુધી વિભાજિત, જટિલ અને કાળગ્રસ્ત રહ્યું હતું.

ભારતાના લેબર રેગ્યુલેટરી ફ્રેમવર્કમાં મહત્ત્વના સુધારા, ફેરફારો થયા છે. ૨૯ સેન્ટ્રલ લેબર લોઝને ચાર કોમ્પ્રીહેન્સીવ લેબર કોડ્સમાં કોન્સોલિડેટ કરવામાં આવ્યા છે. આ કોડ્સ, ધ કોડ અને વેજીસ-૨૦૧૯, ધ ઇન્ડસ્ટ્રીયલ રિલેશન્સ કોડ, ૨૦૨૦, ધ કોડ ઓન સોશિયલ સિક્યોરિટી, ૨૦૨૦ અને ધ ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડીશન્સ કોડ, ૨૦૨૦ ભારથી શ્રમનિતિમાં દષ્ટિકોણમાં મોટા પરિવર્તનને રજૂ કરે છે. આ રિફોર્મસ વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૦ દરમિયાન દાખલ કરાયા હતા. ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ એને ઔપચારિક રીતે નોટિફાય કરવામાં આવ્યા એનો ૧ એપ્રિલ, ૨૦૨૬થી એનો અમલ શરૂ થયો છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં શ્રમ કાનૂનોમાં સૌથી વ્યાપક નવિનીકરણનું આ નવા લેબર કોડ્સ પ્રતિનિધિત્વ કરે છે, એનો ઉદ્દેશ કાનૂનને સરળ બનાવવાનો, શ્રમિકોની સુરક્ષામાં વધારો કરવાનો તેમ જ આધુનિક અર્થતંત્ર સાથે દેશની ઇકોસિસ્ટમને સુસંગત કરવાનો છે.

લેબર કોડસ શ્રમકાનૂનોના ચાર મહત્ત્વના ક્ષેત્રોને આવરી લે છે. એમાં વેતન, ઔદ્યોગિક સંબંધો, સામાજિક સુરક્ષા અને ઓક્યુપેશનલ સેફ્ટીનો સમાવેશ થાય છે. વ્યાખ્યાઓને એકસૂત્ર કરીને, કોમ્પલાયન્સની કાર્યવાહીને સ્ટ્રીમલાઇન કરીને તેમની સામાજિક સુરક્ષાનો લાભ વધારીને આ રિફોર્મસનો ઉદ્દેશ સમતોલ શ્રમઇકોસિસ્ટમનું નિર્માણ કરવાનો છે. જે આર્થિક વૃદ્ધિ અને કામદારોના કલ્યાણને સપોર્ટ કરે.

મેનેજમેન્ટ થિન્કર પિટર ડ્રૂકરએ એક વખત રિમાર્ક કરી હતી કે અશાંતિના સમય દરમિયાન સૌથી મોટો ભય અશાંતિનો નથી પરંતુ ગઇકાલના લોજિક સાથે કાર્ય કરવાનો છે.

ભારતના શ્રમ સુધારા જરીપુરાણા નિયમ નકારી ફ્રેમવર્કને રિપ્લેસ કરીને આ સિદ્ધાંતને સમાવિષ્ટ કરે છે જે મોર્ડન ફ્રેમવર્ક સાથે ડાયનેમિક અર્થતંત્રની વાસ્તવિકતાઓ સાથે સુસંગત છે.

## (૨) ભારતમાં શ્રમ કાનૂનોનો ક્રમિક વિકાસ

ભારતમાં શ્રમ કાનૂન સિસ્ટમનો એક સદી કરતા લાંબા સમયથી તબક્કાવાર ક્રમિક વિકાસ થયો છે. પ્રારંભના કાનૂનો કોલોનિયલ સમયગાળા દરમિયાન અમલી બન્યા હતા. એનો મુખ્ય ઉદ્દેશ ફેક્ટરીઓ અને પ્લાન્ટેશન્સમાં વર્કિંગ કન્ડીશન્સનું નિયમન કરવાનો હતો.

સ્વતંત્રતા બાદ ભારત સરકારે અનેક શ્રમ કાયદા દાખલ કર્યા જેથી કામદારોનું રક્ષણ કરી શકાય અને ઔદ્યોગિક સુમેળ જળવાઇ રહે. મહત્ત્વના કાનૂનોમાં આ કાનૂનોનો સમાવેશ થાય છે.

- ઇન્ડસ્ટ્રીયલ ડિસપ્યુટ એક્ટ, ૧૯૪૭
- ફેક્ટરીઝ એક્ટ, ૧૯૪૮
- મિનિમમ વેજીસ એક્ટ, ૧૯૪૮
- એમ્પલોયી પ્રોવિડન્ટ ફન્ડ એક્ટ, ૧૯૫૨
- એમ્પલોયી સ્ટેટ ઇન્સ્યુરન્સ એક્ટ ૧૯૪૮

કામદારોના કલ્યાણમાં સુધારો કરવામાં આ કાનૂનોએ મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. આ કાનૂનો અલગ અલગ સમયે ઘડવામાં આવ્યા હતા. આ કાનૂન કોઇ ચોક્કસ ક્ષેત્રો અને બાબતોને સંબોધિત કરતા હતા. સમયાંતરે કાનૂનોની ગૂંચવણભરી

એક જાળનું નિર્માણ થયું એમાં અનેક જોગવાઇઓ ઓવરલેપિંગ થતી હતી અને અસંગત વ્યાખ્યાઓનું અસ્તિત્વ જોવા મળ્યું હતું.

વિવિધ કાનૂનો હેઠળ નોકરીદાતા (એમ્પલોયર) ઓએ અસંખ્ય રજિસ્ટ્રેશન, ઈન્સપેક્શન્સ અને રિપોર્ટીંગની જરૂરિયાતો નો સામનો કરવો પડતો હતો. આ જટિલતાને કારણે વહીવટી ખર્ચમાં વધારો થતો હતો અને રોકાણ માટે પ્રોત્સાહન મળતું ન હતું.

**(૩) શ્રમ કાનૂનમાં સુધાર માટેની જરૂર**

આધુનિક અને ઝડપથી બદલાઇ રહેલા અર્થતંત્રની વાસ્તવિકતા સાથે સુસંગત રહેવા માટે તેમ જ દેશના નિયમનકારી માળખા સાથે મેળ પાડવા માટે ઘણા લાંબા સમયથી ભારતમાં શ્રમ કાનૂનમાં સુધારાની જરૂર હતી. શ્રમ કાનૂનનું ચાર કોમ્પ્રીહેન્સીવ કોડ્સમાં કોન્સોલિડેશન કરવામાં આવ્યું એ અગાઉ ભારતના શ્રમ કાનૂન અસંખ્ય વિભાજિત કાનૂનોમાં વહેંચાયેલા હતા. આ બધા કાનૂન અલગ અલગ આર્થિક યુગમાં ઘડાયા હતા. એનો ઉદ્દેશ ખાસ ઔદ્યોગિક બાબતોને લગતો હતો. એનો ઉદ્દેશ સંકલિત અથવા વૈશ્વિક શ્રમ બજારની જરૂરિયાત પૂરી કરવાનો ન હતો. એને કારણે સમગ્ર સિસ્ટમ કોમ્પ્લેક્સ ઇનકન્સીટન્સ બની ગઇ હતી,એનો અસરકારક અમલ કરવાનું મુશ્કેલ બની ગયું હતું. આને કારણે રિફોર્મમાં અનેક સ્ટ્રકચરલ ચેલેન્જીસને ધ્યાનમાં લેવામાં આવી છે જે કર્મચારીઓ અને માલિકો બન્નેને અસર કરતી હતી. આ ચેલેન્જીસમાં વધુ પડતું રેગ્યુલેટરી ફ્રેગમન્ટેશન, અનૌપચારિક રોજગારીને પડતું પ્રાધાન્ય અને વૈશ્વિક અર્થતંત્રમાં ભારતની સ્પર્ધાત્મકતામાં વધારો કરવાની જરૂરનો સમાવેશ થાય છે.

## નવા શ્રમ કાયદામાં ચાર સંહિતાના માળખાની સમજ

**ચાર લેબર કોડ્સનું માળખું**

લેબર રિફોર્મસ ફ્રેમવર્કમાં વર્તમાન શ્રમ કાનૂનોને ચાર મુખ્ય કોડ્સમાં કોન્સોલિડેટ કરવામાં આવ્યા છે.

**કોડ ઓન વેજીસ, ૨૦૧૯**

આ કોડ વેતનને લગતા ચાર કાનૂનોને એકત્રિત કરે છે અને શ્રમ કાનૂનોમાં વેતનની યુનિફોર્મ વ્યાખ્યા ઇન્ટ્રોડ્યુસ કરે છે. આ કોડ યુનિવર્સલ મિનિમમ વેતનની ખાતરી આપે છે અને સમાન વેતનની જોગવાઇઓને મજબૂત કરે છે.

**ઈન્ડસ્ટ્રીયલ રિલેશન કોડ, ૨૦૨૦**

આ કોડ ટ્રેડ યુનિયન્સ ઔદ્યોગિક વિવાદો અને એમ્પ્લોયમેન્ટ રિલેશન્સને ગવર્ન કરે છે. આ કોડ ફિક્સ્ડ ટર્મ એમ્પ્લોયમેન્ટની જોગવાઇઓ ઇન્ટ્રોડ્યુસ કરે છે અને ડિસ્પ્યુટ રેસોલ્યુશન મિકેનિઝમને સ્ટ્રીમ લાઇન્સ કરે છે.

કોડ ઓન સોશિયલ સિક્યોરિટી, ૨૦૨૦

સોશિયલ સિક્યોરિટી કોડ વિવિધ વેલ્ફેર કાનૂનોને ઈન્ટિગ્રેટ કરે છે તેમ જ ગિગ વર્કર્સ પ્લેટફોર્મ વર્કર્સ અને અસંગઠિત ક્ષેત્રના કામદારોને સામાજિક સુરક્ષા પુરી પાડે છે.

ઓક્યુપેશનલ સેફ્ટી હેલ્થ એન્ડ વર્કિંગ કંડિશન્સ કોડ, ૨૦૨૦

આ કોડ વર્કપ્લેસથી સુરક્ષાને લગતા વિવિધ કાયદાને કોન્સોલિડેટ કરે છે તેમ જ વિવિધ ઉદ્યોગો માટે હેલ્થ સેફ્ટી અને વર્કિંગ કન્ડિશન્સ માટેના એકસમાન ધોરણો નક્કી કરે છે.

૫.૧ કોડ ઓન વેજીસ, ૨૦૧૯   ૫.૧.૧ ઓવરવ્યુ

કોડ ઓન વેજીસ મુખ્ય વેતનને લગતા ચાર મુખ્ય કાનૂનને કોન્સોલિડેટ કરે છે. એમાં મિનિમમ વેજીસ એક્ટ, ૧૯૪૮, પેમેન્ટ ઓફ વેજીસ એક્ટ ૧૯૩૬, પેમેન્ટ ઓફ બોનસ એક્ટ, ૧૯૬૫ અને ઇક્વલ રેમ્યુનરેશન એક્ટ, ૧૯૭૬ નો સમાવેશ થાય છે. આ કોડનો પ્રાઇમરી ઉદ્દેશ યોગ્ય વેતનની ખાતરી પૂરી પાડવાનો અને વેતનને લગતા વિવાદોમાં ઘટાડો કરવાનો છે.

**૫.૧.૨ મુખ્ય મુદ્દાઓ  યુનિવર્સલ મિનિમમ વેજ :**

આ કોડ બધા જ સેક્ટર્સમાં બધા જ કામદારો માટે લઘુતમ વેતનનો ખ્યાલ એક્સટેન્ડ કરે છે.

**નેશનલ ફ્લોર વેજ :**

રિજિયનલ અસમાનતામાં ઘટાડો કરવા માટે નેશનલ ફ્લોર વેજ સેટ કરવાની સત્તા કેન્દ્ર સરકાર છે.

**યુનિફોર્મ ડેફિનેશન ઓફ વેજીસ :**

આ કોડ વિવિધ લેબર્સ લોઝ માટે વેજીસની સ્ટાન્ડર્ડઝ ડેફિનેશન ઇન્ટ્રોડ્યુસ કરે છે.

**ટાઇમલી પેમેન્ટ ઓફ વેજીસ :** માલિકોએ કામદારોને વેતનના સમયસર પેમેન્ટની ખાતરી આપવી જોઇએ.

**જેન્ડર ઇક્વાલિટી :** સમાન કામ માટે સમાન વેતનના સિદ્ધાંતનો અમલ કરવો જોઇએ.

**૫.૨ ઇન્ડસ્ટ્રીયલ રિલેશન કોડ, ૨૦૨૦ ૫.૨.૧ ઓવરવ્યુ**

ઇન્ડસ્ટ્રીયલ રિલેશન્સ કોડ ઔદ્યોગિક વિવાદો, ટ્રેડ યુનિયનો અને એમ્પ્લોયમેન્ટ કંડિશન્સને લગતા કાયદાઓને કોન્સોલિડેટ્સ કરે છે.

આમાં ત્રણ મુખ્ય કાયદાઓનો સમાવેશ કરાયો છે. એમાં ઇન્ડસ્ટ્રીયલ ડિસપ્યુટ એક્ટ, ૧૯૪૭, ટ્રેડ યુનિયન્સ એક્ટ, ૧૯૨૬ અને ઇન્ડસ્ટ્રીયલ એમ્પ્લોયમેન્ટ (સ્ટેન્ડીંગ ઓર્ડર્સ) એક્ટ, ૧૯૪૬ નો સમાવેશ થાય છે.

**૫.૨.૨ મુખ્ય જોગવાઇઓ ફિકસ્ડ ટર્મ એમ્પ્લોઇમેન્ટ :**

આ કોડ ફિકસ્ડ ટર્મ એમ્પ્લોયમેન્ટને ઇન્ટ્રોડ્યુસ કરે છે. જેમાં વેજીસમાં ગેરંટી અને કાયમી કર્મચારીઓના લાભનો સમાવેશ થાય છે.

**લે-ઓફની મર્યાદા :**

જે કંપનીઓમાં ૩૦૦ જેટલા કર્મચારીઓ કાર્યરત હોય એ કંપનીઓ સરકારની આગોતરા મંજૂરી વગર કર્મચારીને રિટ્રેન્ચ કરી શકે છે.

**ટ્રેડ યુનિયનને માન્યતા :**

કલેક્ટિવ બાઇગેઇન સ્ટ્રીમ લાઇન કરવા માટે નેગોસિયેટીંગ યુનિયન અથવા કાઉન્સીલને માન્યતા આપવી જોઇએ.

**ડિસ્પ્યુટ રેઝોલ્યુશન :**

વિવાદોનો નિવેડો સારી રીતે આપી શકે તે માટે ઇન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ્સને મજબૂત બનાવવી જોઇએ.

**૫.૩ કોડ ઓન સોશિયલ સિક્યોરિટી, ૨૦૨૦ (૫.૩.૧ ઓવરક્યુ)**

સોશિયલ સિક્યોરિટી કોડમાં નવ કાયદાને કોન્સોલિડેટ કરવામાં આવ્યા છે એમાં ઇપીએફ એક્ટ, ઇએસઆઇસી એક્ટ, મેટરનિટી બેનિફીટ એક્ટ, ગ્રેચ્યુઇટી એક્ટનો સમાવેશ થાય છે. એનો ઉદ્દેશ સોશિયલ પ્રોટેક્શનનો લાભ વધારવાનો છે.

**૫.૩.૨ મુખ્ય જોગવાઇઓ**

**ગિગ કામદારો માટે કવરેજ :** પ્રથમ વખત શ્રમ કાનૂન હેઠળ ગિગ અને પ્લેટફોર્મ કામદારોને માન્યતા મળી છે.

**ઇપીએફ અને ઇએસઆઇસીનો વિસ્તાર :** આ કોડ પ્રોવિડન્ટ ફંડ અને ઇન્સ્યુરન્સ સ્કીમોના એડમિનિસ્ટ્રેશનને જ મજબૂત કરે છે.

**યુનિવર્સલ સોશિયલ સિક્યોરિટી :** અસંગઠિત ક્ષેત્રના કામદારોને લાભ પુરા પાડવા માટેના ફ્રેમવર્કનું વિસ્તરણ કરે છે.

**પોટેબિલિટી :** વિવિધ રોજગારમાં ડિજિટલ સિસ્ટમ્સ દ્વારા બેનિફિટ્સ પોર્ટેબલ બન્યા છે.

**૫.૪ ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ અને વર્કિંગ કંડિશન્સ કોડ, ૨૦૨૦ (૫.૪.૧ ઓવરવ્યુ)**

આ ઓએસએચ કોડમાં વર્કપ્લેસ સેફ્ટી અને વેલ્ફેરને લગતા ૧૩ શ્રમ કાનૂનોને કોન્સોલિડેટ કરવામાં આવ્યા છે.

**૫.૪.૨ મુખ્ય જોગવાઇઓ**

**કામના કલાકો :** સ્ટાન્ડર્ડ વર્ક વિકની મર્યાદા ૪૮ કલાકની છે

**ફરજિયાત એપોઇન્ટમેન્ટ લેટર્સ :**

માલિકોને કર્મચારીઓને ફોર્મલ એપોઇન્ટમેન્ટ લેટર્સ ઇસ્યુ કરવા જોઇએ.

**સેફ્ટી સ્ટાન્ડર્ડસ :** આ કોડ વિવિધ ઇન્ડસ્ટ્રીઝમાં યુનિફોર્મ ઓક્યુપેશનલ સેફ્ટી સ્ટાન્ડર્ડસ ઇન્ટ્રોડ્યુસ કરે છે.

**મહિલા કર્મચારીઓ :** સુરક્ષાની જોગવાઇઓ સાથે મહિલા કર્મચારીઓ નાઇટ શીફ્ટમાં કામ કરી શકે છે.

**આરોગ્યના લાભ :** કર્મચારીઓનું સમયાંતરે મેડિકલ ચેક-અપની સુવિધા તેમ જ વેલ્ફેર ફેસિલિટીઝ મળવી જોઇએ.

# જીએસટીએટી વિશે મહત્વની જાણકારી

## પ્રી-ડિપોઝિટની જોગવાઈ

GSTAT સમક્ષ અપીલ કરવા માટે સ્વિકારેલ કર, વ્યાજ અને દંડની સંપૂર્ણ ચૂકવણી કરવી પડશે, વિવાદિત કરની રકમના ૧૦ ટકા જેટલી વધારાની રકમ જમા કરાવવી પડશે, મહત્તમ મર્યાદા રૂા. ૨૦ કરોડ રહેશે. માત્ર દંડ સંબંધિત કેસોમાં દંડની રકમના ૧૦ ટકા જેટલી રકમ ભરવાની રહેશે.

આ જોગવાઈનો હેતુ બિનજરૂરી અપીલોને રોકવાનો છે, પરંતુ સાથે સાથે કરદાતાના ન્યાયના અધિકારનું રક્ષણ પણ થાય છે.

## ક્યા કેસો માત્ર Principal Bench સમક્ષ સાંભળવામાં આવશે ?

કેન્દ્ર સરકારની ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ ની સૂચના મુજબ નીચેના કેસો માત્ર Principal Bench સમક્ષ જ સાંભળવામાં આવશે, (૧) Place of Supply સંબંધિત વિવાદો, (૨) Antiprofiteering કેસો, (૩) સમાન કાનૂની પ્રશ્ન ધરાવતા બહુ-રાજ્ય વિવાદ, (૪) OIDAR તથા Online Gaming સંબંધિત વિવાદો, (૫) ISD સંબંધિત પ્રશ્નો, આ જોગવાઈ દેશભરમાં કાનૂની વ્યાખ્યામાં એકરૂપતા જાળવવા માટે મહત્ત્વપૂર્ણ છે.

## અપીલ ફી

અપીલ ફી નીચે મુજબ રહેશે : વિવાદિત કર અથવા ITC ના દરેક રૂા. ૧ લાખ દીઠ ૧,૦૦૦ ઓછામાં ઓછી ફી રૂા. ૫,૦૦૦ વધુમાં વધુ ફી રૂા. ૨૫,૦૦૦ Interlocutory Applications માટે અલગથી રૂા. ૫,૦૦૦ ફી ચૂકવવાની રહેશે.

## ટ્રિબ્યુનલની વિશેષ સત્તાઓ

GSTAT ને નાગરિક અદાલત જેવી અનેક સત્તાઓ આપવામાં આવી છે જેમાં સાક્ષીઓને બોલાવવાની સત્તા, દસ્તાવેજો મંગાવવાની સત્તા, અંતરિમ રાહત આપવાની સત્તા, રેકોર્ડમાં રહેલી સ્પષ્ટ ભૂલો સુધારવાની સત્તા, કેસ પાછો નીચલી સત્તા સમક્ષ મોકલવાની સત્તા છે. આ સત્તાઓ ટ્રિબ્યુનલને માત્ર અપીલ મંચ નહીં પરંતુ એક અસરકારક ન્યાયિક સંસ્થા બનાવે છે.

વધારાના પુરાવા રજૂ કરવાની મર્યાદા

સામાન્ય રીતે નવા પુરાવા રજૂ કરી શકાતા નથી, પરંતુ જો અગાઉ યોગ્ય તક આપવામાં આવી ન હોય, ન્યાયના હિતમાં જરૂરી હોય, અથવા મહત્ત્વપૂર્ણ પુરાવા અવગણાયા હોય, તો ટ્રિબ્યુનલ વધારાના પુરાવા સ્વકારી શકે છે.

## સંપૂર્ણ ડિજિટલ અપીલ વ્યવસ્થા

GSTAT ના અમલીકરણ સાથે સંપૂર્ણ Online E-Filling System શરૂ કરવામાં આવી છે.

હવે અપીલો, ક્રોસ વાંધા, સ્ટે અરજીઓ, સુધારણા અરજીઓ તથા અન્ય તમામ કાર્યવાહી ઈલેક્ટ્રોનિક માધ્યમથી કરવામાં આવશે. અપીલ દાખલ કરતા પહેલાં કરદાતાઓએ તેમના અગાઉના APL-01, APl-03 અથવા RVN-01 ના ARN/CRN નંબરનું માન્યતા કરાવવું જરૂરી રહેશે. માન્યતા પૂર્ણ થયા બાદ જ Portal પર Login કરીને અપીલ દાખલ કરી શકાશે.
















JALARAM
Metal Alloys
Innovate - Cast - Extrude
Mfg. of Brass Rods & Copper Alloys Products

Plot No. 5, Survey No. 202,
Near G.I.D.C. Phase-3 Kansumra,
Jamnagar-361006, Gujarat, INDIA

MEHUL JOBANPUTRA
+91 9825 124 243
info@jalarammetalalloys.com

Reliance
New Energy Ltd

# WE CARE

About creating a cleaner planet
for a secure future



Printed by : Palak Printers, Jamnagar Cell : 9879610895